આજનો સુવિચાર

જ્ઞાન અને ક્રિયા જીવનની બે મહત્વપૂર્ણ પાંખો છે, જેના વડે માનવ અનંત સુખાવકાશમાં સહજ રીતે ઉડ્ડયન કરી શકે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૬૦ જૂનાગઢ તા.૨૫-૨-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

મધ્યપ્રદેશમાં ટાયર ફાટતા બેકાબુ બનેલા ટ્રકે ત્રણ બસને હડફેટે લીધી : ૧૭નાં કમકમાટી ભર્યા મોત

સિધી (મધ્યપ્રદેશ) તા.૨૫ : ચુરહટ-રીવા નેશનલ હાઈવે પર બડખારા ગામ પાસે શુક્રવારે રાત્રે એક ખોફનાક માર્ગ અકસ્માતમાં ૧૭ મુસાફરોનાં મોત થયા હતા. જયારે ૫૦ થીવધુ મુસાફરો ઘાયલ થયા હતા. જેમાંથી ૧૦ ની હાલત ગંભીર છે. સીમેન્ટ ભરેલી ટ્રકનું ટાયર ફાટતા બેકાબુ બનેલ ટ્રક ત્રણ બસો સાથે ટકરાતા બે બસ ખીણમાં ખાબકી હતી. આ ગમખ્વાર અકસ્માત અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ સતનામા આયોજીત કોલ જનજાતિનાં મહાકુંભમાં ભીડ એકઠી કરવા વિંધ્ય ક્ષેત્રનાં તમામ જીલ્લાઓમાં ૩૦૦-૩૦૦ બસોમાં લોકોને ભરીને લાવવાનો ટાર્ગેટ અપાયો હતો. કાર્યક્રમ પુરો થયા બાદ તમામ બસો પરત ફરી રહી હતી.

ટનલથી એક કિલોમીટર દુર સિધી જીલ્લાના ચુરહટ પોલીસ સ્ટેશન વિસ્તારના બરખાક ગામ પાસે ત્રણ બસો થોડા સમય માટે ચા-નાસ્તા માટે રોકાઈ હતી. દરમ્યાન બ્રેક ફેલ થવાથી બેકાબુ બનેલા સીમેન્ટ ભરેલા એક ટ્રકે આ ત્રણેય બસને ટક્કર મારતા બે બસો ૧૦ફૂટ ઉંડી ખાઈમાં ખાબકી હતી. જયારે અન્ય બસ પલટી ખાઈ ગઈ હતી. ત્રણેય બસોમાં ૫૦ થી ૬૦ મુસાફરો સવાર હતા.

આ ભયાનક અકસ્માતમાં ૧૭ મુસાફરોનાં મોત થયા છે અને ૪૦ મુસાફરો ઘાયલ થયા છે. જેમાં ૧૦ ની હાલત ગંભીર છે ઘાયલોને રીવાની સંજય ગાંધી હોસ્પીટલમાં ખસેડાયા છે. આ ગમખ્વાર અકસ્માતમાં મૃતકોનાં પરિવારજનોએ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ૧૦-૧૦ લાખની સહાય જાહેર કરી છે. જયારે ગંભીર ઘાયલોને ૧-૧ લાખની સહાય જાહેર કરી છે. મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ ઘટના સ્થળે દોડી ગયા હતા.

સિધીનાં સાંસદ રીતિ પાઠક, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ નેતા કમલનાથ અજયસિંહે આ દુર્ઘટના પર શોક વ્યકત કર્યો હતો.

આગામી તા. ૧ માર્ચે અમેરીકાનાં વિદેશમંત્રી ભારતની મુલાકાતે

વોશીંગ્ટન તા. ૨૫ : અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકન જી-૨૦ના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે આગામી સપ્તાહે ભારતની મુલાકાતે આવશે.અમેરિકાતરફથી મજબુત ભાગીદારી દર્શાવવા તે વરિષ્ઠ ભારતીય અધિકારીઓ સાથે મુલાકાત કરશે. બ્લિંકન ૧ માર્ચે નવી દિલ્હી આવશે જે ૩ માર્ચ સુધી રોકાશે તેમ અમેરીકી વિદેશ વિભાગનાં પ્રવકતાએ જણાવ્યું હતું.

સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરીષદનાં માળખામાં ફરીથી વિચાર કરવાની જરૂર : લીઝ ટ્રસ

મુંબઈ તા. ૨૫

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન લિઝ ટ્રસે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની હાલના માળખા પર ફરીથી વિચાર કરવાની જરૂરિયાત પર જોર આપ્યું છે. સાથે સાથે આ વૈશ્વિક સંસ્થામાં ભારતની મોટી ભૂમિકાનું સમર્થન કર્યું છે.લિઝે જણાવ્યું હતું કે યુક્રેનને નાટોના સભ્ય બનાવવાની પ્રક્રિયામાં ઝડપ લાવવાની જરૂર છે.

મહારાષ્ટ્રનાં ઔરંગાબાદનું નામ છત્રપતિ સંભાજી નગર કરાયું

મુંબઈ તા.૨૫ : કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રનાં ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર તથા ઓસ્માનાબાદનું નામ બદલીને ધારાશીવ કરવાની દરખાસ્તને મંજુરી આપી દીધી છે. મહારાષ્ટ્રના આ બન્ને શહેરોના નામ બદલવા સામે કોઈ વાંધો ન હોવાનુ કહ્યું હતું. રાજયના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રના નિર્ણયને આવકાર્યો હતો. મહત્વની વાત એ છે કે નામ બદલવાની સૌ પ્રથમ દરખાસ્ત શિવસેના સુપ્રિમો સ્વ.બાલાસાહેબઠાકરેએ કરી હતી.૨૦૨૨ માં સરકારના પતન પૂર્વેની છેલ્લી કેબીનેટ બેઠકમાં ઉધ્ધવ ઠાકરેએ પણ આ પ્રસ્તાવ મુકયો હતો. જોકે કેન્દ્ર સરકાર હવે આ દરખાસ્ત મંજુર કરી છે.

અદાણી કંપનીની લિસ્ટેડ સ્કીપ્સમાં રોકાણ કરનાર ઈન્વેસ્ટર્સનાં લાખો કરોડોનું ધોવાણ : અફરાતફરી

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા.૨૫

દેશના એક સમયના સૌથી મોટા ઉદ્યોગગૃહ બનવા માટે ધસમસી રહેલા અદાણી ગ્રુપ હિડનબર્ગ રીપોર્ટ આવ્યા બાદ આ કંપનીનો ગ્રાફ એકસેલેટર કરતા પણ ઝડપથી નીચે આવી ગયો છે અને હજું કેટલો નીચો જશે તે અંગે પણ પ્રશ્ન છે જેના કારણે ભારતના શેરબજારમાં અદાણી કંપનીની લીસ્ટેડ સ્કીપ્સમાં રોકાણ કરનાર લાખો ઈન્વેસ્ટર્સના લાખો કરોડો ધોવાયા છે તો દેશની અનેક નાણાંકીય સંસ્થાઓ પણ તેમાં સામેલ છે પણ સૌથી વધુ ચર્ચા ભારતીય જીવન વિમા નિગમની છે.

હવે અદાણી ગ્રુપના શેરોમાં નેગેટીવ થવાની તૈયારીઓ છે અને તેનો માર હવે એલઆઈસીના શેરધારકોને પણ લાગ્યો છે.અદાણી ગ્રુપમાં એલઆઈસીનું રોકાણ તા. ૨૨ ફેબ્રુઆરીના કલોઝીંગ સમયે રૂા. ૩૩૬૩૨ કરોડની માર્કેટ વેલ્યુ ધરાવતું થયું છે. જાન્યુઆરી ૨૭ના હિડનબર્ગ રીપોર્ટ જાહેર થયા બાદ એલઆઈસીએ જાહેર કર્યુ હતું કે અદાણી ગ્રુપમાં તેનું રોકાણ રૂા.૫૬૧૪૨ કરોડની માર્કેટ વેલ્યુ કે ઈન્વેસ્ટમેન્ટ વેલ્યુ ધરાવે છે પણ ડિસેમ્બર શેલ્ડીંગ ડેટા મુજબ એલઆઈસીનું રોકાણ રૂા.૬૨૫૫૦ કરોડનું હોવું જોઈએ.

ગંભીર ગુનાઓમાં ચાર્જશીટ થયું છે તેવા આરોપીઓને શા માટે ચૂંટણીલડતા અટકાવાતા નથી ? સુપ્રિમ કોર્ટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫

દેશમાં રાજકારણનું અપરાધીકરણ અટકાવવાના સુપ્રીમ કોર્ટના પ્રયાસો છતાં ચૂંટણીપંચ અને કેન્દ્ર સરકારની ઢીલી નીતિથી નારાજ સર્વોચ્ચ અદાલતે ફરી એક વખત જેઓ પર ગંભીર ગુન્હાએ ચાર્જશીટ થયું છે તેને ચૂંટણી લડતા કેમ અટકાવવા નહી તે મુદે તાત્કાલીક સોગંદનામુ દાખલ કરતા ચૂંટણીપંચ તથા કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે તેને નિરીક્ષણમાં જણાવ્યું હતું કે, ભારતમાં સામાન્ય લોકો ભ્રષ્ટાચારથી ત્રસ્ત છે અને તમામ સ્તરે જવાબદેહી નિશ્ચિત કરવાની જરૂર છે અને તેથીજ અપરાધી મામલામાં જેઓ સામે ટ્રાયલકોર્ટ ચાર્જશીટ મુકયું છે તેને ચૂંટણી લડતા રોકવા જોઈએ. સર્વોચ્ચ અદાલતે એ પણ ટીપ્પણી કરી કે ભારતે વાસ્તવમાં તે બનવાનું છે જેના માટે તે પ્રયાસ કરે છે તો પછી આપણે મુળ-મુલ્યો-નૈતિકતા પર પાછુ ફરવુ પડશે.

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ કે.એમ.જોસેફ તથા બી.વી.નાગરત્ન ની ખંડપીઠે કહ્યું કે, તેઓ કોઈપણ સરકારી ઓફિસમાં જાય. તમો ખરાબ અનુભવ વગર બહાર આવશો નહી. સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં દેશના એક સમયના જાણીતા કાયદામાંથી નાની પાલખીવાળા અને તેમના પુસ્તક 'વી ધ પીપલ' ને યાદ કરી હતી. સુપ્રીમ કોર્ટમાં ધરાશાયી અશ્વિની ઉપાધ્યાયે દાખલ કરેલી જાહેર હિતની અરજીમાં જણાવ્યું કે ગંભીર અપરાધમાં સામેલ તથા જેઓ પર ચાર્જશીટ મુકાયા છે. તેઓને સરકારમાં પટાવાળાની નોકરી મળે નહી. આ વ્યક્તિ મંત્રી બની જાય છે. અપહરણ વસુલી હત્યા જેવા અપરાધોમાં સામેલ પર ગમે તેટલા અપરાધોની ફરિયાદ દાખલ થઈ હોય પણ ચૂંટણી લડતા રોકાતા નથી. જો કે ન્યાયમૂર્તિ શ્રી જોસેફે લોકશાહીના નામે જે થઈ રહ્યું છે તેના પર કોઈ ટીપ્પણી કરવાનો ઈકાર કર્યો હતો અને એ જોવાનું કામ સંસદ-સરકારનું છે તેવું જણાવીને ઉમેર્યું કે સરકાર અને ચૂંટણીપંચ પાસેથી અમો લાંબા સમયથી જવાબની રાહ જોઈએ છીએ. હવે આ મુદે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં યોજાશે.

ઉંચા તાપમાનને પગલે દેશભરમાં વિજ સંકટનો તોળાતો ખતરો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૫ : કલાઈમેટ ચેન્જનો પ્રભાવ હોય તેમ દેશમાં શિયાળાની વિદાય વહેલી અને ઉનાળાની ગરમી આકરી બની ગઈ છે ત્યારે આવનારા મહિનાઓમાં દેશમાં વિજસંકટ સર્જાવાનો ખતરો પેદા થયો છે.આ સિવાય પાણીની સ્થિતિ પણ મુશ્કેલી સર્જે તેવી ભીતિ છે. દેશમાં સામાન્ય રીતે મધ્ય માર્ચ પછી ઉનાળાનો પરચો શરૂ થતો હોય છે તેના બદલે મધ્ય ફેબ્રુઆરીથી જ તાપમાન સર્વોચ્ચ સ્તરે પહોંચવા લાગ્યુ હોવાથી વિજ ડીમાંડ અત્યારથી જ રેકોર્ડ સ્તરની નજીક પહોંચી ગઈ છે. સતાવાર આંકડાકીય રીપોર્ટ પ્રમાણે જાન્યુઆરી મહિનામાં જ વિજળીની ડીમાંડ ૨૧૧ મે.વો.પર નોંધાય હતી. જે ગત વર્ષનો સર્વોચ્ચ સ્તરની નજીક હતી.

છેલ્લા એક અઠવાડીયામાં દેશના અનેક ભાગોમાં તાપમાન નોર્મલ કરતા ૧૧ ડીગ્રીજેટલુ ઉંચુ નોંધાયુ હતું અને તેને પગલે હવામાન વિભાગને કૃષિપેદાશોની જાળવણી વધારવા સૂચના આપવી પડી હતી. ઉનાળા પૂર્વેનું જ આકરૂ તાપમાન અસામાન્ય ગણવામાં આવી રહ્યું છે અને આવનારા દિવસો હજુ પડકારજનક બનવાની આશંકાને પગલે વિજ ડીમાંડમાં મોટો વધારો થવાની ગણતરી મુકવામાં આવી રહી છે.આકરા તાપના કારણે ખેડુતોને અત્યારથી જ સિંચાઈ વ્યવસ્થા માટે વધુ વિજળીની જરૂર ઉભી થવા લાગી છે.ઉપરાંત શહેરો અને ગામોમાં પણ એરકન્ડીશન્ડ ઉપકરણોનો વપરાશ વધી ગયો છે. આ સંજોગોમાં આવનારા મહિનાઓમાં વિજ માળખા પર દબાણ સર્જાવાની ભીતિ છે.

ઘરેલુ હિંસાનાં મામલામાં નિયંત્રણ લાવવા સુપ્રિમ કોર્ટનો આદેશ

દેશભરમાં ૪.૭ લાખ કેસ પેન્ડીંગ : ત્રુટીઓ દુર કરવા ત્રણ સપ્તાહનો સમય અપાયો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫

દેશના ૮૦૧ જિલ્લામાં ઘરેલુ હિંસા સંબંધિત ૪.૭ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટે આ અંગે કડક વલણ અપનાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે તમામ રાજયોના મુખ્ય સચિવો સાથે નાણાં, ગૃહ અને બાળ અને મહિલા વિકાસ વિભાગના કેન્દ્રીય સચિવોની બેઠક બોલાવવાનો આદેશ આપ્યો હતો.

ઘરેલું હિંસા અધિનિયમના અમલીકરણમાં નિરાશાજનક કામગીરી બાદ સુપ્રિમ કોર્ટે આ આદેશ આપ્યો છે. જસ્ટિસ એસઆર ભટ અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે કહ્યું કે દરેક જિલ્લા માટે એક પ્રોટેક્શન ઓફિસર છે. દરેક અધિકારી પાસે ૧૦૦ થી વધુ કેસ હશે, જેનું સંચાલન એક વ્યકતિ માટે અશકય છે. આ ખાસ કરીને કેસ છે જયારે પ્રોટેક્શન ઓફિસરોને સઘન ફરજ નિભાવવાની ફરજ પાડવામાં આવે છે.

દેશમાં લોકડાઉન અને રસીકરણની મદદથી ૫૪ લાખ લોકોને મળ્યું નવજીવન

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા.૨૫

લોકડાઉન અને રસીકરણની મદદથી, ભારતે કોવિડ સમયગાળા દરમિયાન લગભગ ૫૪ લાખ લોકોને મૃત્યુ પામતા અટકાવ્યા. તે જ સમયે, ૨૦ લાખ કરોડના રાહત પેકેજે લોકડાઉનની અસરથી પ્રભાવિત અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવામાં મદદ કરી. આ ત્રણેય પગલાંથી લોકોનો જીવ બચ્યો અને તેમની આજીવિકા પર પણ ખાસ અસર થઈ ન હતી.

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના યુએસ-એશિયા ટેક્નોલોજી મેનેજમેન્ટ સેન્ટર અને ઈન્સ્ટિટ્યૂટ ફોર કોમ્પિટિટિવનેસના સંશોધકો અમિત કપૂર અને રિચર્ડ ડેશેરે હીલિંગ ધ ઈકોનોમી: એસ્ટીમેટીંગ ધ ઈકોનોમિક ઈમ્પેક્ટ ઓન ઈનડિયાઝ વેક્સિનેશન એન્ડ રિલેટેડ ઈશ્યુઝ શીર્ષક હેઠળના અહેવાલમાં આ વાત જાહેર કરી છે.

આ અહેવાલ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જાહેર કર્યો હતો. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કોવિડના પ્રારંભિક તબક્કામાં લોકડાઉન દ્વારા લગભગ ૨૦ લાખ લોકોના જીવ બચાવાયા હતા. તે જ સમયે, રસીકરણને કારણે લગભગ ૩૪ લાખ લોકોના જીવ બચ્યા હતા. ૧૧ એપ્રિલ, ૨૦૨૦ સુધીમાં, જો લોકડાઉન સમયસર ન લાદવામાં આવ્યું હોત તો ભારતમાં કોવિડ મૃત્યુઆંક બે લાખની નજીક હોત, પરંતુ આ આંકડો ઘટીને ૭,૫૦૦ થઈ ગયો હતો. ભારતે રસીકરણથી ઈ૧૮.૩ બિલિયનના નુકસાનને અટકાવીને અર્થતંત્રને ઈ૧૫.૪૨ બિલિયનનો ફાયદો પણ પહોંચાડ્યો છે, જેનાથી સકારાત્મક આર્થિક અસર થઈ છે.

લોકડાઉનને કારણે, વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારતમાં કોવિડની ટોચ ઘણી પાછળથી આવી. રશિયા, કેનેડા, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, યુકે અને યુએસ જેવા દેશોમાં જયાં કોવિડના પ્રથમ ૧૦૦ કેસ પછી માત્ર ૫૦ દિવસમાં રોગચાળો ચરમસીમાએ પહોંચ્યો હતો, જયારે ભારતમાં તેને ટોચના સ્તરે પહોંચવામાં ૧૭૫ દિવસનો સમય લાગ્યો હતો.

નોકરીયાત મહિલાની પિરીયડ દરમ્યાન રજાની માંગણીની અરજીને સુપ્રિમ કોર્ટે ફગાવી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૫

જોબમાં પિરિયડ લીવની અપેક્ષા રાખનાર મહિલાઓને સુપ્રીમ કોર્ટે ઝટકો આપ્યો છે. આ મામલે પીઆઈએલ પર વિચાર કરવાનો સુપ્રીમકોર્ટે ઈકાર કરી આ એક નીતિની બાબત હોઈ અરજદારે સરકાર પાસે જવું પડશે તેમ જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટમાં આ પીઆઈએલ દિલ્હીના શૈલેન્દ્રમણી ત્રિપાઠી વતી ફાઈલ કરવામાં આવી હતી.

આ અરજીમાં કહેવામાં આવ્યું હતું કે પીરીયડસ દરમિયાન મહિલાઓને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે, તેથી તેમને આ સમયગાળા દરમિયાન રજા આપવી જોઈએ. અરજદારના વકીલ વિશાલ તિવારીએ અરજીમાં કહ્યું હતું કે યુકે, ચીન, વેલ્સ, જાપાન, તાઈવાન, ઈન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા, સ્પેન વગેરે દેશોમાં પિરીયડસ લીવ આપવામાં આવે છે.

અરજીમાં જણાવાયું હતું કે પીરીયડસ દરમિયાન મહિલાઓ-છાત્રાઓને અનેક શારીરિક-માનસિક યાતનાઓમાંથી પસાર થવું પડે છે. આ સ્થિતિમાં પિરીયડસમાં રજા આપવાનો હુકમ પસાર કરવો જોઈએ. જો કે સુપ્રીમકોર્ટે આ બાબત નીતિગત હોઈ સરકારમાં માંગ સાથે મેમોરેન્ડમ આપવાનું જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર કોંગ્રેસમાં ડખ્ખો : જૂથબંધી વકરી

નવા પ્રદેશ અધ્યક્ષ આદીવાસી સમાજનાં બનાવવા માંગ

મુંબઈ તા. ૨૫

છત્તીસગઢની રાજધાની રાયપરમાં કોંગ્રેસ પાર્ટીનું મહાઅધિવેશન ચાલી રહ્યું છે. આ મહાઅધિવેશનમાં કોંગ્રેસના તમામ નેતા સામેલ થઈ રહ્યા છે. ૩ દિવસના આ અધિવેશનમાં ઘણા મુદ્દા પર ચર્ચા થઈ રહી છે. સાથે જ કોંગ્રેસ વર્કિંગ કમિટીને લઈને પણ શું નિર્ણય થાય છે, તેની પર લોકોની નજર છે પણ આ દરમ્યિાન વિદર્ભના ૨૪ કોંગ્રેસી નેતાઓએ મહારાષ્ટ્ર કોંગ્રેસ અધ્યક્ષને હટાવવાની માંગ કરી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રદેશઅધ્યક્ષ નાના પટોલેને હટાવવાની માંગ સાથે જ શિવાજીરાવ મોઘેંને અધ્યક્ષ બનાવવા માટેની પણ માંગ કરવામાં આવી છે નાના પટોલે પર આરોપ છે કે નાના પટોલેના અધ્યક્ષ બન્યા બાદ પાર્ટીમાં જૂથબાજી વધી ગઈ છે. કોંગ્રેસ પાર્ટીની ક્યારેક મુખ્ય વોટ બેંક ગણાતા દલિત, આદિવાસી અને મુસ્લિમ સમુદાય દૂર ચાલી ગયો છે. કોંગ્રેસ નેતા રમેશ ચેન્નિથલાએ માંગ કરી છે કે હવે નવા પ્રદેશ અધ્યક્ષ આદિવાસી સમાજના કોઈ વ્યક્તિ હોવા જોઈએ.

ગુજરાત રાજયનાં પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ આજે થશે નિવૃત

ગાંધીનગર તા. ૨૫

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સોનિયા ગોકાણી આજે નિવૃત્ત થશે અને જસ્ટિસ એ.જે.દેસાઈ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ નિયુક્ત થશે. ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ સોનિયા ગોકાણી તા. ૨ પમી ફેબ્રુઆરીએ શનિવારના રોજ નિવૃત્ત થઈ રહ્યા હોય તેમના માનમાં આજે ગુજરાત હાઈકોર્ટમાં ફુલ કોર્ટ ફેરવેલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોનિયા ગોકાણીને સન્માન સાથે નિવૃત્તિ વિદાય આપવામાં આવી હતી. બીજીબાજુ, ભારતના રાષ્ટ્રપતિ દ્વારા હાઈકોર્ટના જસ્ટિસ એ.જે.દેસાઈની કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સત્તાવાર નિમણૂંક કરવામાં આવી છે.

આ પ્રસંગે હાઈકોર્ટના અન્ય જજ, ન્યાયતંત્રના પદાધિકારીઓ, હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના હોદેદારો સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઈરાનનાં ટોચનાં કમાન્ડર અમીરાલીની ટ્રમ્પને મારવા અમેરીકાને ધમકી

તહેરાન, તા.૨૫ : ઈરાનના ટોચના કમાન્ડર અમીરાલી હાજીઝાદેહે અમેરિકાને કડક ધમકી આપી છે કે તેણે ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મારવા માટે ૧,૬૫૦ કિમીની સ્ટ્રાઈક રેન્જવાળી ક્રુઝ મિસાઈલ વિકસાવી છે. ટૂંક સમયમાં તે તેના કમાન્ડરની હત્યાનો બદલો લેશે. ઈરાનના ટોચના કમાન્ડરની ધમકી બાદ અમેરિકા સહિત પશ્ચિમી દેશોની ચિંતા વધી ગઈ છે કારણ કે યુક્રેન યુદ્ધમાં રશિયા ઈરાની ડ્રોનની મદદથી કિવ પર સતત બોમ્બમારો કરી રહ્યું છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડસ એરોસ્પેસ ફોર્સના વડા અમિરાલી હાજીઝાદેહે કહ્યું કે તેઓ ઈરાનના ટોચના કમાન્ડરની હત્યાનો બદલો લેવા તૈયાર છે. રાજયની ટીવીચેનલ સાથેની વાતચીતમાં તેણે કહ્યું કે અમે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા કરવા માંગીએ છીએ.

વધતા જતા તાપમાનને પગલે ખેત પાકોને નુકશાની થશે

નવી દિલ્હી, તા.૨૫

ફેબ્રુઆરી મહિનામાં જ ઝડપથી તાપમાન વધવા લાગ્યુ છે.જેના કારણે ખેતીપાકની સાથે ફળ અને શાકભાજીમાં રોગલાગુ પડવાની અને ઉપજમાં મોટો ઘટાડો થવાની આશંકા છે. તાપમાનના દબાણના કારણે સમય પહેલા જ પાક પાકવાથી તેની ગુણવતા પર પણ અસર પડશે.

હાલના દિવસોમાં ન્યુનતમ તાપમાન ૧૫ ડીગ્રીથીઅધિકતમ ૨૧ ડિગ્રી સુધીનું હોવું જોઈએ, પરંતુ અનેક વિસ્તારોમાં પાંચ મહિનામાં સંભવિત તાપમાન ૨૮ ડિગ્રીને પણ હાલ પાર કરી ગયું છે.

ઘઉંની ગુણવતા અને ઉત્પાદન પર મોટી અસર: ઘઉંના વહેલા પાકમાં દાણો બની રહ્યો છે પણ વધુ તાપમાનથી તે સંકોચાઈ જશે અને પાક સમય પહેલા પાકી જશે. પાછોતરા (મોડેથી વાવેલા) પાકમાં ગરમીના કારણે દાણો નહીં બની શકે. ૩૨થીઉપ ડીગ્રી તાપમાન થવા સુધીમાં ઉપજ પર ૧૫થી૨૦ટકા અને ૩૫ ડીગ્રીથી વધુ તાપમાન થવા પર ૩૦ ટકા સુધી નુકસાન થઈ શકે છે. વટાણા, ટમેટાં, બટેટાં, ફલાવર, કોબીજ, બ્રોકલી, શિમલા મરચાં, પાલક, મેથી, ધાણા, મુળા, લસણ, લીલી ડુંગળી, રિંગણા, દૂધી વગેરેને અસર થશે. આ શાકભાજીને માહુ કીટ, તના છેદક કીટ, ફલ છેદક કીટ, બળી જવાનો રોગ લાગુ પડી શકે છે.

તાજમહલ અને લાલ કિલ્લો તોડી પાડો : જાણીતા અભિનેતા નસરૂદ્દીનશાહ

મુંબઈ, તા. ૨૫: જાણીતા અભિનેતા અને જાહેરમાં બેધડક અભિપ્રાય વ્યકત કરવા માટે પ્રખ્યાત થયેલા નસીરુદ્દીન શાહે એક વેબસીરિઝમાં મુગલ સમ્રાટ અકબરની ભૂમિકા ભજવી રહ્યા છે. એ નિમિત્તે એમણે એક અખબારને આપેલી મુલાકાતમાં મુગલોના સંદર્ભમાં પોતાનો અભિપ્રાય આપ્યો છે. એમણે કહ્યું કે મુગલ શાસકોને જબરદસ્તીથી ખલનાયક તરીકે ચિતરવામાં આવી રહ્યા છે. મુગલોના સારા કામોની અવગણના કરીને તેઓ માત્ર આક્રમક હતા એવું જ બતાવવામાં આવી રહ્યું છે તે આશ્ચર્યની વાત છે.

૨૬ ફેબ્રુઆરી રવિવાર સુધી
જૂનાગઢ પુસ્તક મેળો
રેડ ક્રોસ હોલ આઝાદ ચોક જૂનાગઢ
RRSheth 10 am to 9 pm

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ડો. નિલેશ મારકણા
એમ.એસ. ગાયનેક
વુમન કેર / હોસ્પિટલ
● મેટરનીટી હોમ
● લેપ્રોસ્કોપીક
● સોનોગ્રાફી ● ફર્ટીલીટી સેન્ટર
બાલાજી એવન્યુ, પહેલો માળ, મોતીબાગ પાસે, ડો. પાનસુરીયાની સામે, જૂનાગઢ
ફોન : ૦૨૮૫ - ૨૬૭૫૦૭૭
મો +૯૧- ૮૪૬૯૭ ૭૧૦૫૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

આતે કેવું મેરી ટાઈમ બોર્ડનું ગુડ ગવર્નન્સ કે દોઢ મહિને તંત્ર જાગૃત થયું

મેરી ટાઈમ બોર્ડની આંખ સામે ચાલતી બિન અધિકૃત બોટ સર્વિસ ઉપર શુંફક્ત કાગળોઉપર પ્રતિબંધ રહેશે અને અન્ય પરિપત્રોની માફકતેનેપણ ફાઈલેકરવાનુંઅમલીકરણ થશે? જાગૃત નાગરિકમંચદ્વારા ઉપસ્થિત કર્યોપ્રશ્ન અનેહવેક્રાયદાકીય કાર્યવાહીની તૈયારી : ઓખા-બેટ વચ્ચે ચાલતી ફેરી સર્વિસની બોટને હાર્બર વિસ્તારમાં પરમીશનના હોવા છતાં યાત્રિકોને દરિયાઈ જીવસૃષ્ટિ જોવાના બહાને લાવવા-લઈ જાવાની બિન અધિકૃત કરાતી હેરફેર ઉપર પ્રતિબંધ!

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ)

દ્વારકા તા.૨૫

ઓખા-બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરી સર્વિસની બોટોને લાયસન્સની શરતો મુજબ ફક્ત ઓખા-બેટ દ્વારકા વચ્ચેની ખાડીમાં જ ચલાવવા માટેની મંજૂરી હોવા છતાં હમણાં થોડા સમયથી અહી આવતા યાત્રિકોને દરિયાઈ જીવ સૃષ્ટિ નવ જીવંત દર્શાવવાના બહાને બિનઅધિકૃત આ બોટોને ઓખા હાર્બર વિસ્તારની ચેનલમાંથી પરવાના સિવાયના વિસ્તારમાં લાવવા લઈ-જવાની ગેર કાયદેસર પ્રવૃતિ મોટા પાયે ચાલુ થયેલ તેમાં પણ સમુદ્રની ભરતીના પાણી મુજબ આ વિસ્તારમાં દરિયાઈ વાહનો જેવા કે સ્ટીમબર-બાર્જ-ટેગ-શીપની હેરફેર થાય છે અને તે કારણે આ પ્રકારના દરિયાઈ વાહનો વચ્ચેઅકસ્માત થતાં નથી કે કોઈ મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થતી નથી જેના મુખ્ય કારણોમાં આ પ્રકારના વાહનોમાં ફરજિયાત પેન નિયમ મુજબ રાખવામાં આવતા. એ.આઈ.એસ. અને જી.પી.એસ. જેવા અત્યાધુનિક મશીનો આ વાહનોનુંમોનીટરીંગ અને ટ્રેકિંગ કરતાં હોય અને તેણે નિયમ મુજબ એમ.એમ.ડી.ખાતા દ્વારા સ્ટેબિલિટી-ક્વોલિટી-સિક્યુરિટીના નિયમો અંતર્ગત લાયસન્સ આપવામાં આવે છે. જે કારણે તેમને હાર્બર વિસ્તારમાં આવવા-જવાની પરવાનગી આંતરરાષ્ટ્રીય ધોરણે આપવામાં આવેછે. તેનેબદલે અહી તો વર્ષો જૂની સ્ક્રેપના માલ-સામાનથી ચાલતી ઓખા-બેટ દ્વારકા વચ્ચેની ફેરી બોટ સર્વિસની બોટોનો દૂર ઉપયોગ ટ્યુરિઝમના નામે દરિયાઈ જીવ સૃષ્ટિના દર્શનના નામે પ્રકૃતિ પ્રેમીઓને લૂંટવાનો ધંધો અહી ચાલુ થયે અને તે પણ મેરી ટાઈમ બોર્ડની આંખ સામે અને તેમની મિલીભગતના કારણે જેમાં યાત્રિકોની સલામતીના એક પણ નિયમોનું પાલન કરવામાં આવતું ના હોય અને ગત માસની તારીખ ૮-૧-૨૦૨૩ના રોજ આ પ્રકારની એક બોટ અહીની જેટી ઉપર સવારે રવાના થયેલ અને આ બોટ આજ હાર્બર વિસ્તારમાં અચાનક બંધ પડી જતાં તેમને દરિયાઈ જીવ સૃષ્ટિના બદલે મૃત્યુંની સૃષ્ટિના દર્શન થવા લાગેલ જે અંગેના વિડીયો વાયરલ થયાબાદ તેના અખબારી અહેવાલો બહાર આવતા તંત્ર દ્વારા ઘટનાના દોઢ માસ બાદ જાગૃત અવસ્થા આવી હોય તેમ આજ એક પરિપત્ર પાઠવી આ ફેરી બોટ સર્વિસને ફક્ત લાયસન્સમાં દર્શાવેલ વિસ્તાર ઓખા-બેટ ખાડી વચ્ચે ચલાવવા સિવાય ના અન્ય કોઈ વિસ્તારમાં ચલાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. ત્યારે આ અંગે બહાર આવેલ ચોંકાવનારી વિગતો મુજબ આ બિન અધિકૃત મુસાફરોની હેરાફેરીને કાયદેસરની બનાવવા મેરી ટાઈમ બોર્ડના ભ્રષ્ટ વહીવટે નવા પ્રકારનું લાયસન્સ ઓખાથી આપવા નું ચાલુ કરેલ જ જેણે એમ.એલ. લાયસન્સ નામ આપવામાં આવેલ અને તેનો ઉપયોગ હકિકતમાં સમુદ્રના વાહનોને કિનારા આસપાસ જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડવા માટે સ્પેશ્યલ પ્રકારની માલ પરિવહન બોટોને આ પ્રકારનું લાયસન્સ આપવાના બદલે ફેરી-બોટ સર્વિસની ફક્ત બે ત્રણ બોટોને આ પ્રકાર નું લાયસન્સ હોવા છતાં તેનો દૂર ઉપયોગ પેસેન્જરોની હેરાફેરીમાં કરવા સાથે અન્ય આ પ્રકારના એમ.એલ. લાયસન્સના ધરાવતી બોટો પણ બિન અધિકૃત પ્રકૃતિ પ્રેમીઓને દરિયાઈ જીવ સૃષ્ટિ દેખાડવા ના બહાને મોટી લૂંટ ચલાવતા હતા અને તેમાં પણ સૌની ખાનગી ભાગીદારી હોય ટ્યુરિઝમ વિકાસના નામે આ ખોટું તૂત ચાલુ થયેલ તે ઉપરોક્ત ઘટના બાદ બહાર આવતા મેરી ટાઈમ બોર્ડ દ્વારા હવે કોઈ અગમ્ય કારણોસર આજ પરિપત્ર બહાર પાડી આ અટકાવવાનો પ્રયાસ કરેલ છે. તે સરહાનિય છે પરંતુ તેનો અમલ હવે થાય છે કે અન્ય અગાઉના કઈક કેટલાય યાત્રિકોની સુરક્ષા-સુવિધા સ્વરૂપના પરિપત્રો ફક્ત સરકારી ફાઈલો પૂરતા સીમિત રહે છે ત્યારે હવે આ પરિપત્રની હાલત પણ તેવી ન થાય તે બાબતે અહીના જાગૃત નાગરિક દ્વારા સી.આર.પી.સી.ની કલમ મુજબ ગુન્હો બન્યો હોય ત્યાં જો કોઈ ફરિયાદ કરવા તૈયાર નાહોય તો પોલીસ કે જે તે જવાબદાર તંત્રે ખુદએ ફરિયાદી થવાનું હોય તે અંતર્ગત હવે આ પ્રકારે ફેરી બોટ સર્વિસનો જો દૂર ઉપયોગ કરવામાં આવશે. તો આ પરિપત્રના આધારે જે તે બોટ ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કરવા ખુદ જાગૃત નાગરિકો આગળ આવશે અને તંત્રને ફરિયાદી બનાવી કાયદેસરની કાર્યવાહી કરશે તેવું જાગૃત નાગરિક મંચના પ્રમુખ દ્વારા જાહેર કરવામાં આવતા આ પ્રશ્ને આવનારા દિવસોમાં તંત્ર અને જાગૃત નાગરિક મંચ આ પ્રશ્ને સામસામે આવે તેવી શક્યતા પણ નકારી શકતી નથી.

શું આ પરિપત્ર ઘણા તંત્ર માટે ઘણા બધા પ્રશ્ન ઊભા કરશે ?

ઉપરોક્ત પરિપત્ર ઓખા-બેટ-દ્વારકા વચ્ચે ચાલતી બોટોની વ્યવસ્થા સામે "યાત્રિકોની સુરક્ષા-બોટોની યાત્રિકોને બિન અધિકૃત હેરફેર કરવાની કાર્યવાહી -બોટોની ખુદની ગુણવતાની ક્ષમતા-બોટ ચાલકોની અનુભવની ક્ષમતા-જી.એમ.બી.-ની.બોટના ટ્રાફિકના સંચાલનની ક્ષમતા-સ્થાનીક સિક્યુરિટી ગાર્ડની ટ્રાફિક સંચાલનની ક્ષમતા" જેવા કઈક કેટલાય પ્રશ્નો ઊભા કર્યા છે. હકીકતમાં તંત્ર પાસે કે પ્રજા પાસે સમુદ્રના ટાપુઓ ઉપર આવવા-જવા માટેનો વિકલ્પ એક માત્ર આ ફેરી બોટની સર્વિસ છે અને તેના કારણે તેમના દ્વારા ઓખા-બેટ સિવાયના અન્ય ટાપુ જેવા કે સામે આવેલ "સમિયાણી" ટાપુ કે બેટ-દ્વારકા ટાપુની પરિક્રમા કરવા માટે આ ફેરી બોટ સર્વિસની બોટોનો ખુલ્લેઆમ દૂર ઉપયોગ થાય છે અને તે પણ ખુદ મેરી ટાઈમ બોર્ડ સંચાલિત અને માલિકીની ઓખા-બેટજેટી ઉપરથી આ ગેરકાયદેસર પ્રવૃતિ ઘણા સમયથી ચાલુ જ છે. ત્યારે જેમાં પણ આશ્ચર્યજનક હકીકત તે છે કે આ પ્રકારના લાયસન્સ ધરાવે છે પરંતુ આ પ્રકારની બોટો ઓખા-બેટ દ્વારકાની જેટી ઉપરથી તેમાંરહેલા પ્રકૃતિ પ્રેમી ટ્યુરિસ્ટોને જેટી ઉપરના પોર્ટ સ્ટાફ-તેના સિક્યુરિટી સ્ટાફની હાજરીમાં બેસાડીને લઈ જાય છે. ત્યારે આ તંત્રનો સ્ટાફ શું તેમની આ હરકતથી અજાણ છે કે પછી ત્યાં પણ સર્વેની મિલીભગતથી આ બોટ નીકળી છે કે કેમ તે પણ હવે તપાસનો વિષય બનવા પામેલ છે. દરમ્યાન ખુદ બોટ ચાલકોમાં ચાલતી ચર્ચા મુજબ જે તે તંત્ર દ્વારા "મફત"માં બોટનો ઉપયોગ કરવાનો રહેતો હોય તેમના દ્વારા ઉપરોક્ત પ્રશ્નો પરત્વે "આંખમીચામણાં" કરવાની સર્વ માન્ય વ્યવસ્થા બોટ ચાલકો સાથે કાયમી ધોરણે ગોઠવેલ હોય આજ આ પ્રશ્નોનો કોઈ ઉકેલ આવેલ નથી કે આવનાર પણ નથી તે બહુ સ્પષ્ટ અને સત્ય હકીકત છે.

તંત્રની ગુલામીની જુગલબંધી

હકીકતમાં આ જ મેરીટાઈમ બોર્ડ દ્વારા અવારનવાર અલગ અલગ પ્રકારના યાત્રિકોની સુરક્ષા-સલામતી આંગએના પરિપત્રો બહાર પાડવામાં છે. જે તે તંત્ર દ્વારા ફક્ત અને ફક્ત રેકર્ડ ઉપર દર્શાવવા માટે જ થતાં હોય તેમ તેનો અમલ થાય છે કે નહીં તેના ઉપર કોઈ ધ્યાન આપવામાં આવેછે કે નહિતે બાબતે ફક્ત ચર્ચા-વિચારણા થાય છે અને નવા-નવા પરિપત્રો બહાર પાડી કાર્યવાહી થતી હોવાનું દર્શાવાય છે. પણ પરિણામ આજ વર્ષો થી "શૂન્ય આવ્યું છે-આવે છે-આવતું રહેશે" જેનો પુરાવો આજ બનેલ આ ઘટના છે અને જેના કારણોમાં ફક્ત અને ફક્ત બોટ ચાલકો અને તંત્રની જુગલબંધી જવાબદાર છે અને તેના કારણે આજ બોટ ચાલકો ખુલ્લેઆમ દાદાગીરી કરી રહ્યા છે અને લાયસન્સના એક પણ નિયમ નો અમલ કરી રહ્યા નથી અને તંત્ર પાસે આ પ્રશ્ને આંખ આડા કાન કરાવી રહ્યા છે. ત્યારે હવે આ નવા પરિપત્રની હાલત અગાઉના પરિપત્રો પ્રમાણે ના થાય તે માટે જાગૃત નાગરિક મંચ

કેન્દ્ર સરકારની ઔદ્યોગિક ક્ષેત્રને ઉત્તેજન આપતી નીતિઓનો લાભ લઈને દેશને વિકાસની રાહ ઉપર અગ્રેસર બનાવવા મંત્રી વર્માએ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને વિશેષ અનુરોધ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૫

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (એમ. એસ. એમ. ઈ.) વિભાગના કેન્દ્રીય રાજયમંત્રી ભાનુ પ્રતાપસિંહ વર્માએ રાજકોટની સયાજી હોટેલ ખાતે આયોજિત મેગા એમ.એસ.એમ.ઈ. કોકલેવનો શુભારંભ કરાવ્યો હતો. આ મેગા કોનક્લેવમાં સિક્યુરિટી એન્ડ સાયન્ટિફિક ટેકનીકલ એસોસિએશન તથા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે સંરક્ષણ સાધનોના પાર્ટ્સ બનાવવા અંગે એમ.ઓ.યુ. (મેમરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય રાજય મંત્રી ભાનુપ્રતાપસિંહ વર્માએ જણાવ્યું હતું કે દેશને આત્મનિર્ભર બનાવવામાં એમ. એસ.એમ. ઈ. ક્ષેત્રનું યોગદાન બહુમૂલ્ય છે. આ ક્ષેત્ર માટે અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારે રૂા.૩.૭ લાખ કરોડની ફાળવણી કરી છે, કોરોના કાળમાં પણ એમ.એસ એમ. ઈ. ક્ષેત્રએદેશની વિકાસની ગતિ જાળવી રાખવામાં મહત્વનું પ્રદાન કર્યું છે. તાજેતરના કેન્દ્રીય બજેટમાં પણ આ ક્ષેત્ર માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે તથા નાના ઉદ્યોગોને ઉત્તેજન માટે કેન્દ્ર સરકાર હંમેશા કટિબદ્ધ છે, તેમ પણ મંત્રી વર્માએ ઉમેર્યું હતું. કેન્દ્ર સરકાર ની ઔદ્યોગિક ક્ષેત્રને ઉત્તેજન આપતી નીતિઓનો લાભ લઈને દેશને વિકાસની રાહ ઉપર અગ્રેસર બનાવવા મંત્રી વર્માએ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને વિશેષ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (પી.એમ.ઈ.જી.પી.) અન્વયે નેત્રદીપક કામગીરી કરનારા રાજકોટ જિલ્લાના વિવિધ ઉદ્યોગ સાહસિકોને આમંત્રિતોએ સન્માનિત કર્યા હતા. એમ. એસ. એમ. ઈ. ક્ષેત્રમાં ગોલ્ડન કેટેગરી પ્રાપ્ત કરનારા ગુજરાતના આઠ ઔદ્યોગિક એકમો તથા સિલ્વર કેટેગરી પ્રાપ્ત કરનારા રાજયના ચાર ઔદ્યોગિક એકમોના સ્થાપકોને પણ આ કાર્યક્રમમાં સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં સંસદસભ્ય મોહનભાઈ કુંડારીયાએ ઉદ્યોગોના ક્ષેત્રમાં જોવા મળતા ગુજરાતીઓના પ્રમાણિકતા-પરિશ્રમ-ગુણવત્તાના ત્રિવેણી સંગમની સરાહના કરી હતી અને જામનગર-રાજકોટ-મોરબી જેવા શહેરોના ઉદ્યોગપતિઓને સંરક્ષણના સાધનોના સ્પેરપાર્ટસના ઉત્પાદન પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવા સૂચન કર્યું હતું, જયારે સાંસદ રામભાઈ મોકરીયાએ આ કોનકલેવમાં ઉપસ્થિત ઉદ્યોગકારોને રાજકોટ ખાતે યોજાયેલા ઔદ્યોગિક ક્ષેત્રના સુવર્ણ અવસરનો મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. આ કોકલેવમાં કેન્દ્રીય એમ.એસ.એમ.ઈ. સચિવ બી. બી. સ્વૈનએ સગૌરવ જણાવ્યું હતું કે હાલ સમગ્રદેશમાં ૧ કરોડ ૬૫ લાખ સૂક્ષ્મ અનેલઘુ ઉદ્યોગોનું રજીસ્ટ્રેશન થયેલું છે, અને આ ક્ષેત્ર ૧૦ કરોડ નાગરિકોને રોજગારી પૂરી પાડી રહ્યું છે. સ્વૈનએ ઉદ્યોગ ક્ષેત્ર અને અર્થતંત્રમાં રોજગાર સર્જક તરીકે અગત્યની ભૂમિકા ભજવનાર એમ. એસ. એમ. ઈ. ક્ષેત્રની ઝીણવટભરી આંકડાકીય માહિતી આપી હતી. એમ.એસ.એમ.ઈ.-ગુજરાતના સચિવ સંદિપકુમારે કેન્દ્ર સરકારે ૨૦૧૬માં અમલી બનાવેલી એરોસ્પેસ એન્ડ ડિફેન્સ પોલીસીની ટૂંકી જાણકારી આપી હતી તથા આ ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી જમીન ફાળવણી, પાવર ટેરીફ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તથા વિવિધ સબસીડીઓ અંગે પ્રકાશ પાડ્યો હતો. અને સંરક્ષણ ક્ષેત્રની આયાત ઘટાડી ભારતને આત્મનિર્ભર બનવા તરફ પ્રેરિત કરવા અને આ પહેલમાં ગુજરાતને સમગ્ર દેશનું નેતૃત્વ કરી નવી રોજગારીનું સર્જન કરવા પર ભાર મૂક્યો હતો. નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના સંયુક્ત સચિવ મર્સી ઈપાઓએ ઈ-માર્કેટિંગ વધારવા, ઉત્પાદનક્ષમતામાં સુધારો કરવા, ટેન્ડર માર્કેટિંગ પ્રક્રિયા સરળ કરવા અને સરકારની એમ. એસ. એમ. ઈ. ક્ષેત્રની યોજનાઓનો મહત્તમ લાભ લેવા અંગે ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. અધિક વિકાસ કમિશનર ઈશિતા ગાંગુલી ત્રિપાઠીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સરકારની વિવિધ યોજનાઓની ટૂંકી ઝલક રજૂ કરી હતી. ઈસરો (ઈન્ડિયન સ્પેસ એન્ડ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન) ના ડાયરેક્ટર શ્રી નિલેશભાઈ દેસાઈએ એરોસ્પેસ ક્ષેત્રે ઉપલબ્ધ વ્યવસાયિક તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું અને આ ઉભરતા ક્ષેત્રમાં ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને નેતૃત્વ કરવા અપીલ કરી હતી. દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ થયા બાદ આમંત્રિતોનું શાલ અને સ્મૃતિ ચિન્હથી સ્વાગત કરાયું હતું. એમ.એસ.એમ.ઈ.ના સંયુક્ત સચિવશ્રી વિકાસ ગુપ્તાએ સ્વાગત પ્રવચનમાં આજના કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું ઔદ્યોગિક એસોસિએશન તરફથી વિશેષ બહુમાન કરાયું હતું. આ પ્રસંગે વિવિધ સ્ટોલમાં એરોસ્પેસ, ડિફેન્સ તથા લઘુ ઉદ્યોગોના ઉત્પાદનોનું નિદર્શન કરાયું હતું. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી.વૈષ્ણવ, રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ પરેશભાઈ વાસાણી અને ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રાજીવ દોશીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે એમ. એસ. એમ. ઈ.ના સંયુક્ત સચિવ સ્તરના અધિકારીઓ, સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નલીનભાઈ ઝવેરી, મેટોડા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, ખીરસરા જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસો., સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો મશીન ટૂલ્સ મેન્યુફેકચરર્સ એસોસિએશન સહિતના સભ્યો જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કે.વી.મોરી તથા મોટી સંખ્યામાં ઉદ્યોગ સાહસિકો આ કોકલેવમાં ઉપસ્થિત રહ્યા હતા. એમ. એસ. એમ. ઈ. અમદાવાદના ડેપ્યુટી ડાયરેક્ટર પી.એન.સોલંકીએ આભાર દર્શન કર્યું હતું.

ખંભાળિયામાં હોળી પર્વે ફાગણ રસિયાનું આયોજન

જામ ખંભાળિયા તા.૨૫

ખંભાળિયામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી સેવા કુંજ હવેલીના ઉપક્રમે આગામી શુક્રવાર તારીખ ૩ માર્ચના રોજ વૃજ એકાદશી નિમિત્તે રસિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રસિયા કાર્યક્રમનો શુક્રવારે સાંજે પાંચથી સાત દરમ્યાન લાભ લેવા સર્વે વૈષ્ણવ ભાઈઓ બહેનોને ગોસ્વામી શ્રી માધવી વહુજી દ્વારા અપિલ કરવામાં આવી છે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ

• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે

જૂનાગઢમાં જલારામ સોસાયટીમાં ઉત્તર દિશાનો 3 BHK દીલથી બનાવેલ ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે

: કોન્ટેક નંબર :

પંકજભાઈ રૂપારેલીયા

મો.૯૮૯૮૭૫૪૩૨૮

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

માખણ રૂા. ૪૦૦, મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦

૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

ભેંસનું ઘી રૂા. ૫૬૦, ગાયનું ઘી રૂા. ૬૦૦

મલાઈવાળું દહી, ઘોરવું | તાજુ પનીર | ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ

શુધ્ધતા માટે વ્યાજબી ભાવની ખાત્રી.

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોટા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

નટરાજ આઈસ્ક્રીમ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી સન્ડે આઈસ્ક્રીમ ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો.૯૩૭૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

તહેવારોનિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે

વિજય ઘી ડીપો

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

પવિત્ર રજબ

મહિના નિમિત્તે સ્પે. રોટ મળશે

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ દરવાજા રોડ જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ જોબ ક્રિએટર બને તે માટે વર્કશોપ યોજાયો

૧૦૦ વિદ્યાર્થીઓએ સોફ્ટ સ્કીલ ટ્રેઈનીંગનો લાભ

જૂનાગઢ તા.૨૪

કૃષિ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ પોતાની રીતે વ્યવસાય ઉભો કરે એટલે કે, જોબ ક્રીએટર બને તે માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં સોફ્ટ સ્કીલ ટ્રાઈનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ મેળવ્યો હતો.

સોફ્ટ સ્કીલ્સની ઉપયોગીતાને ધ્યાનમાં રાખીને એક દિવસનો સોફ્ટ સ્કીલ્સ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હેઠળની ખાપટ, મોટા ભંડારીયા, જૂનાગઢ સહિતની કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. **Soft Skills forr Entrepreneurship among Agri-Graduates** તાલીમમાં **National Agricultural Higher Education Project (NAHEP)** યોજના હેઠળ **Development of** શક્તિમાન, એગ્રો વિકાસ, કોકો એનીટાઈમ, કૃષિસારંગ એગ્રી ક્લીનીક અને ક્રિષ્ના ફાર્મ એન્ડ નર્સરીનાં ઉદ્યોગ સાહસિકોનાં પ્રતિનિધિઓએ પોતાના વ્યવસાય એંગે માર્ગદર્શન આપ્યું હતું. તદઉપરાંત વિદ્યાર્થીઓમાં ક્રિએટીવીટી ડેવલોપ કરવા માટે સાયકોલોજીકલ ગેમ્સ યોજવામાં આવી હતી. કુલપતિ ડો. વી.પી. ચોવટિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ વર્કશોપમાં સંશોધન નિયામક શ્રી અને **NAHEP** યોજનાના વડા ડો. એચ. એમ. ગાજીપરા, એગ્રીકલ્ચર ફેકલ્ટીના ડીન ડો. એસ. જી. સાવલિયા, વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. આર. એમ. સોલંકી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહીને તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ વર્કશોપનું સઘળું આયોજન કૃષિ અર્થશાસ્ત્રવિભાગના વડા શ્રી ડો. વી. ડી. તારપરા અને સંયોજક ડો. બી. સ્વામીનાથન દ્વારા કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ જીલ્લામાં વીજચોરી અટકાવવા પીજીવીસીએલના દરોડા : ૪૦૩ વીજ જોડાણમાંથી ૮૦માં ગેરરીતી સામે આવી

PGVCLની ૩૬ ટુકડીઓ દ્વારા વીજચેકિંગ : રૂા.૧૬.૫૪ લાખનો દંડ ફટકારાયો

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લામાં વીજચોરી અટકાવવા માટે પીજીવીસીએલ તંત્રએ કમરકસી છે. જિલ્લાના વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢ ગ્રામ્યના વિસ્તારમાં પીજીવીસીએલની ૩૬ જેટલી ટુકડીઓએ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં ૪૦૩ જેટલા વીજ જોડાણ તપાસતા ૮૦માં ગેરરીતીઓ સામે આવી હતી. આમ, વીજચોરી માટે તંત્રએ રૂા.૧૬.૫૪ લાખનો દંડ ફટકાર્યો હતો.

જૂનાગઢ વિભાગીય કચેરી-૧ હેઠળની જૂનાગઢ રૂરલ, વિસાવદર-૧, વિસાવદર-૨, બિલખા તેમજ ભેંસાણ પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૬ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૪૦૩ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા. જે પૈકી ૮૦વીજજોડાણોમાં જુદા-જુદા પ્રકારની ગેરરીતિ માલુમ પડતાં કુલ રૂ.૧૬.૫૪ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.

ઉલ્લેખનીય છે કે, એપ્રિલ-૨૨ થી જાન્યુઆરી-૨૩ના સમયગાળા દરમ્યાન જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળ કુલ ૨૬૬૨૯ વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે. જેમાંથી કુલ ૨૮૯૯ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂ.૭૫૧.૧૨ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. જયારે સમગ્ર પીજીવીસીએલ હેઠળ ઉપરોક્ત સમયગાળા દરમિયાન કુલ ૫૬૯૧૬૮ વીજજોડાણો ચકાસીને કુલ ૬૭૫૮૪ વીજ જોડાણોમાંથી ગેરરીતિ પકડી પાડી કુલ રૂા.૧૭૪.૮૮કરોડના બિલ આપવામાં આવ્યાં છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જૂનાગઢનાં જામકા ખાતે કેન્દ્રીય રાજ્ય નાણામંત્રી ડો. ભગવત કરાડે પ્રગતિશીલ ખેડૂત સાથે સંવાદ કર્યો

જામકા ખાતે ગાય આધારિત ખેતીના ફાર્મ - ગીર ગાયની ગૌશાળા ની મુલાકાત લીધી

જૂનાગઢ, તા.૨૫

કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના નાણામંત્રી શ્રી ડો. ભગવત કરાડે જૂનાગઢ તાલુકાના જામકા ખાતે ગીર ગાય ગૌશાળાની અને ગીર ગાય આધારિત ફાર્મની મુલાકાત લઈ ખેડૂતોને ગાય આધારિત ખેતી કરવા પ્રોત્સાહન આપ્યું હતું. મંત્રીશ્રીએ તેમના જૂનાગઢ જિલ્લાના પ્રવાસ દરમિયાન જામકા ગીર ખાતે ગાય આધારિત ખેતીના ફાર્મની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રી એ તેમની મુલાકાત દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ, ગાય આધારિત ખેતી માટે પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજ્યમાં સરકારે ચુકવી ગરીબ પરિવારોને બિમારીનો આર્થિક બોજ ન થાય તે માટે જનસેવાનું મોટું કાર્ય કર્યું છે. સરકારની આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - માં હેઠળ સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. જેમાં પ્રાથમિક, સેકન્ડરી અને ગંભીર બીમારીઓની સારવાર કરવામાં આવે છે. આ કાર્ડના લાભાર્થીઓને હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન, કન્સલટેશન, નિદાન માટેના લેબોરેટરી રિપોર્ટ, સર્જરી, સર્જરી બાદની અનુવૃત્તિ સેવાઓ, દવાઓ, દાખલ ચાર્જ, દર્દીને ખોરાક, ફોલો-અપ સહિતની સેવાઓને આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત યોજનાના લાભાર્થીને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવવા જવાના ભાડા પેટે રૂા.૩૦૦ પણ આપવામાં આવે છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ આપવામાં આવશે

આગામી તા. ૧૦ માર્ચ સુધી યોગ કો- ઓર્ડીનેટર, યોગ કોચ અને યોગ ટ્રેઈનર અરજી કરી શકશે

જૂનાગઢ,તા.૨૫

રાજ્ય સરકાર દ્વારા કાર્યરત રમત ગમત, યુવા અને સાંસ્કુતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા યોગને પ્રોત્સાહન આપવા અને યોગ બોર્ડ સાથે સંકળાયેલા યોગ કો- ઓર્ડીનેટર, યોગ કોચ અને યોગ ટ્રેઈનર પ્રોત્સાહન મળે તે માટે 'ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ' આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય યોગ એવોર્ડ મેળવવા માટે અરજીકર્તાનો યોગ ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૩ વર્ષનો અનુભવ હોવો જોઈએ. તેઓ યોગ બોર્ડનું યોગ કોચ, યોગ ટ્રેઈનર તરીકેનું સર્ટિફિકેટ ધરાવતા હોવા જોઈએ. અરજીકર્તાઓએ માટે પત્રક સાથે અપડેટ કરેલી પ્રોફાઈલ, નામ, ફોન નંબર, સરનામાંની વિગત, તેમના કાર્યનો ફોટા સાથેનો અનુભવ અને અન્ય જરૂરી પુરાવાઓ જોડીને મહત્તમ ૫ પાનાં સુધીની અરજી આગામી તા.૧૦ માર્ચ સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત ગમત યુવા વિકાસ અધિકારી શ્રી એન.ડી.વાળા ની યાદીમાં જણાવવામાં આવ્યું છે. બહુમાળી ભવન, સરદાર બાગ, જૂનાગઢ ખાતે કચેરી સમય દરમિયાન રૂબરૂ જમા કરાવવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે કચેરીના ફોન નં. ૦૨૮૫ – ૨૬૩૦૪૯૦ પર સંપર્ક કરવાનો રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી એન.ડી.વાળા ની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કલેક્ટર રચિત રાજની અધ્યક્ષતામાં જીલ્લાકક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ૨૦ અરજીઓનો હકારાત્મક નિકાલ કરાયો

જૂનાગઢ તા.૨૪

ફેબ્રુઆરી માસના અંતિમ ગુરૂવારે કલેકટર રચિત રાજની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૦ જેટલી અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. ફરિયાદ નિવારણને લોક કેન્દ્રિત શાસનને ચાવી છે તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રજાકીય રજૂઆતો-પ્રશ્નોનું સમય મર્યાદામાં નિવારણ કરવામાં આવી રહ્યું છે. ગુણાત્મક અભિગમ સાથે આ જિલ્લાકક્ષાના સ્વાગત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના જીઓ ટેગિંગ, સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ, અતિક્રમણ, ધ્વનિ પ્રદૂષણ સહિતની મુદ્દે રજૂ થયેલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

દરેક માથાનો દુ:ખાવો માઈગ્રેન હોતો નથી : ડો.કેતન ચુડાસમા

૧૯ વર્ષની વિદ્યાર્થીનીનું વિનસ સાઈનસ સ્ટેનન્ટિંગ દ્વારા સફળ સારવાર કરતા ડો.વિકાસ જૈન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૫

આપણા સમાજમાં ૧૦%થી વધારે લોકો માઈગ્રેન (આધાશીશી)થી પીડીત છે. એટલે દરેક માથાનો દુખાવો માઈગ્રેન જ ગણી અને તેની સારવાર ઘરગથ્થુ અથવા સહેલાઈ થી મળતી દુખાવાની દવાઓ દ્વારા ચાલતી હોય છે.પરંતુ માઈગ્રેન સિવાયની અમુક જુજ બિમારીઓ પણ નાની ઉંમરે માથાનો ભારે દુખાવો કરે છે. તાજેતરમાં એક ૧૯ વર્ષીય મેડીકલ વિદ્યાર્થીની કે જે એક વર્ષથી વધારે સમયથી માથાના ભારે દુખાવાની ફરીયાદ હતી. અનેક ડોકટરો દ્વારા એમને માઈગ્રેનની સારવાર આપવા છતા પણ એમને કોઈ રાહત ન થઈ. સાથે સાથે એમને આંખોની રોશની પણ ઝાંખી પડવાની તકલીફ શરૂ થઈ ગઈ હતી અને ખાસુ અંધ પણું આવી ગયેલ હતું. અંતે તેમણે વોકહાર્ટ હોસ્પિટલ ખાતે ન્યુરોલોજીસ્ટ ડો.કેતન ચુડાસમા ની મુલાકાત લીધી. ડો.કેતન ચુડાસમાએ તેમની તપાસ કરતા માલુમ થયુ કે, તેમને આઈ.આઈ.એચ નામની બીમારી છે જેમાં મગજમાંથી લોહી પાછુ લાવવા વાળી શિરામાં સંકોચપણું હોવાના કારણે મગજમાં વધારે દબાણ હતુ. ત્યારબાદ ડો.વિકાસ જૈન દ્વારા મગજની એન્જીયોગ્રાફી કરવામાં આવેલ અને હાઈ પ્રેશર છે તેવુ ચોકકસ સાબીત થયુ અને ત્યા સ્ટેન્ટ મુકી મગજનુ દબાણ તાત્કાલિક ઓછુ કરવામાં આવેલ હતુ. આ ખુબ જ દુર્લભ અને જટિલ પ્રોસિજરને

ડો. કેતન ચુડાસમા

ડો. વિકાસ જૈન

મેડીકલ સાયન્સમાં વિનસ સાઈનસ સ્ટેનન્ટિંગ કહેવામાં આવે છે. આ પ્રોસિજર પછી દર્દીને માથાનો દુ:ખાવો અને આંખોની રોશની તાત્કાલિક સુધરી ગઈ હતી અને જીવનભર અંધાપો આવતા બચાવ્યો. આમ યોગ્ય નિદાનથી ડો.કેતન ચુડાસમા અને ડો.વિકાસ જૈન દ્વારા અને આધુનિક મેડીકલ વિજ્ઞાન અને પ્રોસીજર વડે ભવિષ્યના ડોકટરને આજીવન માથાના દુખાવાથી મુકતી અને અંધ બનવાથી બચાવવામાં આવેલ હતી. આઈ.આઈ.એચ.એટલે કે ઈડિયોપેથિક ઈન્ટ્રાકેનિયલ હાયપરટેન્શન. આ રોગ સ્ત્રીઓને, થાયરોઈડ અનેસ્થુળતા ધરાવતા લોકોમાં વધુ સામાન્ય છે.જેના લક્ષણો જેવા કે ખુબ જ ભારે માથાનો દુખાવો,આંખોની રોશની ઝાંખી પડવી, ચક્કર આવવા,ડબલ દેખાવુ, અને મગજની અંદર શીશોટી વાગવા જેવો અવાજ આવતો હોય. આ બીમારીના ઈલાજ માટે મગજનો ેચય ,આંખોના પડદાની તપાસ અને કમર માથી મગજના પાણીના પ્રેશરની તપાસ થાય છે.જુજ દર્દીઓમા જેમને મગજની શીરાનુ સંકોચપણુ જણાય એમને વિનસ સાઈનસ સ્ટેનન્ટિંગ કરવામાં આવે છે. ડો.કેતન ચુડાસમાની સલાહ પ્રમાણે જો કોઈપણ માથાનો દુખાવો અચાનક શરૂ થયો હોય,ખુબ જ ભારે હોય,દવાથી પણ ના મડતો હોય, ચક્કર, અંધાપા, ઉલ્ટી ઉબકા સાથે હોય તો એને સમાન્ય ન માની ને તાત્કાલીક ન્યુરોલોજીસ્ટને બતાવવું હિતાવહ છે.

જામ ખંભાળિયામાં ન્યુઝ ચેનલની ઓફિસનો માજીમંત્રીના હસ્તે પ્રારંભ

મોટી સંખ્યામાં આગેવાનો મીડિયા કર્મીઓની ઉપસ્થિતિ

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૫

ખંભાળિયાના ચાર રસ્તા નજીક આવેલા વિજય સિનેમાની સામે ગુજરાતની જાણીતી એબીસી ન્યુઝ ગુજરાતની ઓફિસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ગઈકાલે ગુરૂવારે જામનગરના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી હકુભા જાડેજાના વરદ હસ્તે આ ઓફિસને ખુલ્લી મુકવામાં આવી હતી. આ ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, ઘનશ્યામસિંહ વાઢેર સહિતના આગેવાનો તેમજ મીડિયા કર્મીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી. એબીસી ન્યુઝ ગુજરાતના બ્યુરો ચીફ વિજયસિંહ ભુપતસિંહ જાડેજા તથા ભરતભાઈ દતાણી દ્વારા આવકારી, આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

જૂનાગઢ જીલ્લામાં રીમોટ સંચાલીત ડ્રોન, એરીયલ મીસાઈલ કે પેરાગ્લાઈડર ચલાવવા ઉપર મનાઈ ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ

જૂનાગઢ, તા.૨૫

પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ જૂનાગઢ જિલ્લામાં કોસ્ટલ વિસ્તાર સહિત પ્રવર્તમાન સમયમાં સલામતી રાખવી હીતાવહ હોય, રીમોટ કંટ્રોલ સંચાલીત ડ્રોન, એરીયલ મીસાઈલ જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો ગેરલાભ લઈ જૂનાગઢ જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડે નહીં તેમાટે સમગ્ર વિસ્તારમાં રીમોટથી ચલાવાતા ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એરક્રાફ્ટ ચલાવવા બાબતે જરૂરિયાત જણાતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એલ.બી.બાંભણિયા એ કે પારાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એરક્રાફ્ટ ચલાવવા ઉપર મનાઈ ફરમાવેલ છે. આ હુકમ તા.૨૬/૦૨/૨૦૨૩ થી તા.૨૬/૦૪/૨૦૨૩ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

દેવભૂમિ દ્વારકા જીલ્લામાં "પીએમજેએવાય - માં" યોજના જીલ્લામાં કુલ ૧૮,૬૬૬ લાભાર્થીઓએ લાભ લીધો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

દેશના તમામ લોકોને આરોગ્ય અને સારવાર મળી રહે તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજ્યમાં "પીએમજેએવાય - મા" યોજના હેઠળ ગ્રામ્ય અને શહેરી વિભાગના જરૂરિયાતમંદ લોકોને આ લાભ મળે છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ હેઠળ અત્યાર સુધીમાં ૭૩,૦૬૮ કુટુંબોને જોડવામાં આવ્યા છે. આયુષ્યમાન કાર્ડ હેઠળ અત્યાર સુધીમાં ૧૮,૬૬૬ લાભાર્થીઓએ યોજનાનો લાભ લીધો છે. જેમાં રૂા.૫૦, ૨૯, ૧૧, ૫૧૭ની સહાય સરકાર દ્વારા મંજુર કરવામાં આવી છે. આ રકમ સારવાર ખર્ચ પેટે સરકારે ચુકવી ગરીબ પરિવારોને બિમારીનો આર્થિક બોજ ન થાય તે માટે જનસેવાનું મોટું કાર્ય કર્યું છે. સરકારની આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - માં હેઠળ સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. જેમાં પ્રાથમિક, સેકન્ડરી અને ગંભીર બીમારીઓની સારવાર કરવામાં આવે છે. આ કાર્ડના લાભાર્થીઓને હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન, કન્સલટેશન, નિદાન માટેના લેબોરેટરી રિપોર્ટ, સર્જરી, સર્જરી બાદની અનુવૃત્તિ સેવાઓ, દવાઓ, દાખલ ચાર્જ, દર્દીને ખોરાક, ફોલો-અપ સહિતની સેવાઓને આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત યોજનાના લાભાર્થીને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવવા જવાના ભાડા પેટે રૂા.૩૦૦ પણ આપવામાં આવે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

લાંબી રાહ જોયા બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલ બદલાયા

લાંબી રાહ જોયા બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીનું રાજીનામું મંજૂર કરી લેવામાં આવ્યું. તેમની જગ્યા ઝારખંડના હાલના રાજ્યપાલ રમેશ બૈંસને આપવામાં આવી છે. જોકે તેની સાથે જ ૧૩ રાજ્યોમાં રાજ્યપાલ બદલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, તેથી ઔપચારિક રીતે તેને નિયમિત ફેરબદલનો હિસ્સો જ ગણાવવામાં આવશે, પરંતુ તથ્ય એ જ છે કે મહારાષ્ટ્રમાં આ બદલાવ જરૂરી થઈ ગયો હતો. તેના માટે વિપક્ષ સતત દબાણ બનાવી રહ્યો હતો અને સત્તાપક્ષનો પણ મોટો હિસ્સો અંદરથી તો તેના પક્ષમાં જ હતો. આ દૃષ્ટિએ કોશ્યારીનો કાર્યકાળ અનોખો કહેવાશે કે લગભગ ત્રણ વર્ષની અવધિમાં તેમના નિર્ણયો અને નિવેદનોએ ન માત્ર વિરોધી પાર્ટીઓને ઉદ્વેલિત કરી, બલ્કે સત્તાપક્ષે અસુવિધાજનક સ્થિતિમાં નાખવામાં પણ કસર ન છોડી. ત્યાં સુધી છત્રપતિ શિવાજી મહારાજ, મહાત્મા ફુલે અને સાવિત્રિબાઈ ફુલે પર આપવામાં આવેલ તેમનાં નિવેદનોએ રાજ્યના બિનરાજકીય મનાતા વર્તુળોમાં પણ નારાજગી પેદા કરી દીધી. તેમનું આ નિવેદન પણ ઘણું નુકસાનદાયક સાબિત થયું કે જો મુંબઈમાંથી રાજસ્થાની અને ગુજરાતી લોકો ચાલ્યા જાય તો તે દેશની આર્થિક રાજધાની કહેવડાવવાને લાયક નહીં રહે.

આ વિવાદોને કારણે કોશ્યારીનું પદ પર ચાલુ રહેવું મુશ્કેલ થતું ગયું અને થોડા સમય બાદ તેમણે ખુદ પદ છોડવાની ઇચ્છા વ્યક્ત કરી દીધી. તેમણે મુખ્યમંત્રીને અનુરોધ કર્યો કે તેમને વહેલી તકે પદની જવાબદારીઓથી મુક્ત કરવામાં આવે. આ દૃષ્ટિએ જોઇએ તો રવિવારે આવેલ રાષ્ટ્રપતિનો નિર્ણય એવો છે જેનાથી તમામ પક્ષોએ રાહતનો અનુભવ કર્યો. પરંતુ આ પ્રસંગે અન્ય રાજ્યોમાં થયેલ રાજ્યપાલની નિયુક્તિ વિશે એવું ન કહી શકાય. કુલ ૧૩ રાજ્યોમાં રાજ્યપાલ બદલવામાં આવ્યા છે, જેમાંથી સાત રાજ્યોમાં તબદીલીથી કામ ચલાવવામાં આવ્યું. એટલે કે ત્યાં મોકલવામાં આવેલ રાજ્યપાલ પહેલાં કોઈ બીજા રાજ્યમાં એ જ પદની શોભા વધારી રહ્યા હતા. જે છ નવા ચહેરા રાજભવનોમાં મોકલવામાં આવ્યા છે, તેમાં એક સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ છે અને ચાર ભાજપી નેતા. પૂર્વ ન્યાયાધીશ ગયા મહિને જ સુપ્રીમ કોર્ટથી રિટાયર થયા છે. નિશ્ચિતપણે આ કોઈ પહેલો પ્રસંગ નથી કે સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજને રાજભવન મોકલવામાં આવ્યા હોય. અથવા તો એવું પણ નથી કે રિટાયર્ડ જજ રાજ્યપાલ પદ સાથે ન્યાય કરવામાં સક્ષમ નથી એમ કોઈપણ રૂપે કહી શકાય. તેમ છતાં એ વાત કહેવાતી રહી છે કે રાજ્યપાલ પદ અને સુપ્રીમ કોર્ટ જજ બંનેની ગરિમા માટે બહેતર રહેશે કે કોઈ જજને રિટાયરમેન્ટ બાદ રાજ્યપાલ કે અન્ય પદ સોંપતાં પહેલાં ઓછામાં ઓછા છ મહિના કે એકાદ વર્ષનું અંતર રાખવું જોઈએ. જો એવું થયું હોત તો આ નિયુક્તિ પર વિવાદનો ઓછાયો ન પડ્યો હોત.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આ જગતમાં બહુ સરળ થવા જઈએ તો જગતમાં લોકો દુર્બળ માન છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.મેહેર-૧૩૯૨, મુ. શાબાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ફાગણ સુદ-૬ આચાર્ય શ્રી સુંદરસાહેબની પુણ્યતિથિ (શ્રી સચ્ચિદાનંદ સંપ્રદાય) તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૪, ભરણી નક્ષત્ર, બ્રહ્મ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૫૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પ્રિયજનનો વિરહ વેઠવો પડે. અટકી-અટકીને કાર્ય સફળ થાય.
વૃષભ : માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
મિથુન : બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
કર્ક : વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
સિંહ : પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
કન્યા : કર્મચારીઓના પ્રશ્નોથી મનોભાર રહે. ધંધા-ઉદ્યોગ માટે દોડાદોડી કરવી પડે.
તુલા : કોર્ટ-કચેરીનેલગતા કાર્યોમાં અણધારી સફળતા મળે. કાર્યની યોગ્ય કદર થાય.
વૃશ્ચિક : નવિન સમાચાર મળે. ઉત્સાહ-ઉમંગનો અનુભવ થાય.
ધન : મળેલી તક ઝડપી લેવી. અગત્યના નિર્ણયો લઈ શકાય.
મકર : આવક કરતા જાવકનું પ્રમાણ વિશેષ રહે. મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે.
કુંભ : નાણાંભીડ ઓછી થાય. દિવસ આનંદમય પસાર થાય.
મીન : પ્રવાસ-મુસાફરીના યોગ છે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે.

'ભારત પોતાની રક્ષા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે' : ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર

ભારતીય વિદેશમંત્રીની પાકિસ્તાન-ચીનને ચેતવણી, પાકિસ્તાન-ચીન પર સાધ્યું નિશાન

(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૨૫

વિદેશમંત્રી એસ જયશંકરે ગુરુવારે એક કાર્યક્રમમાં પાકિસ્તાન પર નિશાન સાંધતા કહ્યું કે કોઈ પણ દેશ ત્યાં સુધી પોતાની સમસ્યાઓમાંથી બહાર નીકળીને સમૃદ્ધ બની શકે નહીં જ્યાં સુધી તે આતંકવાદનો ગઢ બનેલો હોય. પાકિસ્તાન સાથે સંબંદોમાં આતંકવાદ એક પાયાનો મુદ્દો છે જેનાથી આપણે ઈકાર કરી શકીએ નહીં. ચીન અને પાકિસ્તાનને લઈને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પોતાની આકરા તેવરને લઈને ઓળખ બનાવી ચૂકેલા જયશંકરે કહ્યું કે જ્યારે મારે કોઈ મોટો નિર્ણય લેવાનો હોય તો હું જોઈશ કે જનતાની લાગણીઓ શું છે. હું સૌથી પહેલા નસ ઓળખીશ કે મારા લોકો તે વિશે શું મહેસૂસ કરે છે અને મને લાગે છે કે તમને જવાબ ખબર છે. જયશંકરે



એશિયા ઈકોનોમિક ડાઈલોગ કાર્યક્રમને સંબોધતા કહ્યું કે ભારત એક ખુબ જ સહનશીલ દેશ છે. અમે અમારી સરહદોની સુરક્ષા માટે કોઈ પણ હદ સુધી જઈ શકીએ છીએ. આજે ભારતની છબી એક એવા દેશની બની ગઈ છે કે જે પોતાની રાષ્ટ્રીય સુરક્ષાને બચાવવા માટે કોઈ પણ હદ સુધી જવા માટે તૈયાર છે. વિદેશમંત્રીએ કહ્યું કે આજે આપણી છબી એક એવા દેશની છે જે પોતાની રાષ્ટ્રીય સુરક્ષાને બચાવવા માટે બધુ કરી છૂટવા માટે તૈયાર છે. ભારત ખુબ સંયમ વર્તવાવાળો દેશ છે અને આ એવો દેશ નથી જે બીજા સાથે લડતો રહે છે પરંતુ તે એવો દેશ પણ નથી જેને ધકેલીને બહાર જઈ શકાય. આ એક એવો દેશ છે જે કોઈને પણ મર્યાદા ઓળંગવા દેશે નહીં. તેમણે કહ્યું કે આપણને એક સ્વતંત્ર અને બીજાના અધિકારો માટે ઊભા રહેનારાઓ તરીકે જોવામાં આવે છે અને આ સાથે જ આપણે વૈશ્વિક દક્ષિણનો અવાજ પણ બની રહ્યા છીએ. વિદેશમંત્રી જયશંકરે કહ્યું કે ચીન સાથે વેપાર અસંતુલનની જવાબદારી કારોબાર ઉપર પણ છે. ચીન સાથે આપણા સંબંધોમાં સામે આવેલા આર્થિક પડકારો અસલમાં ખુબ ગંભીર છે. ચીન સાથે વેપાર અસંતુલનની જવાબદારી ફક્ત સરકારની જ નથી પરંતુ વેપારીઓની પણ છે. તેમણે કહ્યું કે સરકાર આત્મનિર્ભર ભારત જેવી પોલીસી લાવીને પોતાનું કામ કરી રહી છે પરંતુ ભારતીય કોર્પોરેટ સેક્ટર એવી સોર્સિંગ વ્યવસ્થા વિક્સિત કરી શક્યું નથી જેનાથી આપણને મદદ મળે.

શું તમે જાણો છો આ ડ્રગથી ચામડી સાવ સડી જાય છે, શું આ છે અત્યંત ચિંતાજનક!

ઝાયલાઝીન નામની આ ડ્રગ સૌથી પહેલા ફિલાડેલ્ફિયામાં પકડાઈ, ત્યારબાદ સાન ફ્રાન્સિસ્કો અને લોસ એન્જલસમાં થઈને દેશભરના વિવિધ શહેરોમાં તેનો વપરાશ વધવા લાગ્યો

(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૨૫

અમેરિકામાં હાલ Xylazine નામની એક દવાએ નવી તબાહી મચાવી છે. એક નવા ડ્રગ્સ અંગે એવું કહેવાઈ રહ્યું છે કે તે માણસોને ઝોમ્બીમાં ફેરવી રહ્યો છે. આ દવાને ટ્રેંક કે ટ્રેંક ડોપ અને ઝોમ્બી ડ્રગ જેવા નામથી ઓળખવામાં આવે છે. જેનો ઉપયોગ કરનારા વ્યક્તિની ચામડી સડવા લાગે છે. ટાઈમ મેગેઝીનના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આ ઝાઈલાઝીન પશુઓને બેહોશ કરવામાં ઉપયોગમાં લેવાય છે. જો કે અનેક લોકો હવે તેનો

હેરોઈન જેવા ડ્રગ્સ માટે સિન્થેટિક કટિંગ એજન્ટ તરીકે ઉપયોગ કરવા લાગ્યા છે. મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઝાયલાઝીન નામની આ ડ્રગ સૌથી પહેલા ફિલાડેલ્ફિયામાં પકડાઈ, ત્યારબાદ સાન ફ્રાન્સિસ્કો અને લોસ એન્જલસમાં થઈને દેશભરના વિવિધ શહેરોમાં તેનો વપરાશ વધવા લાગ્યો છે. ડ્રગ્સની શું છે અસર? તે જાણો.. અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશને જાનવરો પર Xylazine ના ઉપયોગની મંજૂરી આપી હતી. પરંતુ માણસો માટે તે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે. આ ડ્રગ્સની અસરની વાત કરીએ તો તેનો પ્રભાવ બેહોશીવાળી દવા જેવો જ છે. તેને લેનારા વ્યક્તિને ઊંઘ આવવા લાગે છે, શ્વાસ ધીમા પડે છે અને આ સાથે ચામડીમાં ઘા થવા લાગે છે. જો આ ડ્રગ્સનો વારંવાર ઉપયોગ કરવામાં આવે તો તે સતત વધતા જાય છે. એક સમય એવો આવે છે જ્યારે માણસની ચામડી એ હદે સડી જાય છે કે યોગ્ય સમયે સારવાર ન મળે તો તે અંગ કાપવાની નોબત આવી જાય છે. આ ડ્રગ્સ અંગે અધિકારીઓની ચિંતા વધારનારી એક વાત એ છે કે ઝાયલાઝીનને જાનવરો કે માણસો માટે પ્રતિબંધિત શ્રેણીમાં રાખવામાં આવ્યું નથી અને હોસ્પિટલો પણ તેની તપાસ કરતા નથી.

લર્નિંગ લાયસન્સની પરીક્ષા માટે આરટીઓ નહીં જવું પડે

લર્નિંગ લાયસન્સની પરીક્ષા ઘર બેઠા મોબાઈલથી આપી શકાશે, સેન્ટર પર જઈને ધક્કા ખાવાની જરુર નહીં પડે, દેશનાં તમામ રાજ્યો માટે મહત્ત્વનો આદેશ પસાર

નવી દિલ્હી, તા.૨૫

કોઈપણ સરકારી કામકાજ હોય ત્યારે સામાન્ય નાગરિક એ વાતની ચિંતા કરવા લાગે છે કે હવે આ કામ હું કરીશ કઈ રીતે? ક્યાં જવું પડશે? કોણ બનાવી આપશે? કેટલા પૈસા ખર્ચવા પડશે? આવી બધી ચિંતાઓ વચ્ચે ડ્રાઈવિંગ લાઈસન્સ બનાવવું પણ લોકો માટે મોટી ચિંતાનો વિષય હતો. લાઈસન્સ વગર વાહન ચલાવવું દરેક વ્યક્તિ માટે નુકસાનકારક જ હોય છે. તેને ધ્યાનમાં રાખીને જ કેન્દ્ર સરકારે દેશનાં તમામ રાજ્યો માટે મહત્ત્વનો આદેશ પસાર કર્યો છે. હવે લર્નિંગ લાયસન્સની પરીક્ષા આપવા માટે તમારે આરટીઓ ઓફિસે જવું નહીં પડે. કેન્દ્ર સરકારે આદેશ આપતાં જણાવ્યું છે કે હવે દરેક વ્યક્તિ લર્નિંગ લાયસન્સની પરીક્ષા ઘર બેઠા મોબાઈલથી

જ આપી શકશે. હવે સેન્ટર પર જઈને ધક્કા ખાવાની જરુર નહીં પડે. જોકે આ પદ્ધતિ અંગે કેટલાક ચોક્કસ નિયમો પણ જાહેર કરાયા છે. ગેરરીતિ વગર ઘરે બેઠા લર્નિંગ લાયસન્સ મળે તે માટે વ્યવસ્થા કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારે લાયસન્સની પરીક્ષા આપનારાઓ માટે નવી પદ્ધતિ અંગે રાજ્ય સરકારને આદેશ આપ્યાં છે. જેમાં કેન્દ્રએ જણાવ્યું કે પરીક્ષાર્થીઓ લર્નિંગ લાયસન્સની પરીક્ષા ઘર બેઠા મોબાઈલથી જ આપી શકશે. તેમાં કેન્દ્ર સરકાર દ્વારા નક્કી અભ્યાસક્રમ રખાશે અને તે શીખ્યા બાદ ૭ દિવસમાં સરકારના પોર્ટલ અથવા મોબાઈલમાં પરીક્ષા આપી શકાશે. આ પરીક્ષા માટે સ્પેશિયલ ફેસ રેકગ્નાઈઝેશન અને આધારકાર્ડ બેઝ સિસ્ટમ ગોઠવાશે. એટલું જ નહીં સંપૂર્ણ સિસ્ટમ હાઈ સ્પિડથી અને સંપૂર્ણ ટેક્નોલોજીથી થશે. જો તમે ૧૮ વર્ષના થઈ ગયાં છો તો તમે ડ્રાઈવિંગ લાયસન્સ માટે અરજી કરી શકો છો પરંતુ સૌથી પહેલા તેના માટે પરીક્ષા આપવી પડશે જેના બાદ તમને માત્ર લર્નિંગ લાયસન્સ મળી શકશે. આ લર્નિંગ લાયસેન્સ મેળવવા માટે તમારે આરટીઓની ઓફિશિયલ વેબસાઈટ sarathi.parivahan.gov.in પર ઓનલાઈન અરજી ફોર્મ ફીલ કરવું પડશે. જરૂરી દસ્તાવેજો અને ચોક્કસ ફીઝ ભર્યા બાદ તમારી અરજી સ્વીકારવામાં આવશે.

૨૦૦૭ના અટવાયેલા પ્રોજેક્ટ મામલે મોદીએ અધિકારીઓનો ઉધડો લીધો

નવી દિલ્હી, તા.૨૫

પીએમ મોદીએ બે દિવસ અગાઉ પ્રગતિ રિવ્યૂ બેઠકનું નેતૃત્વ કર્યું હતું. તેમાં દેશમાં ચાલી રહેલા ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ વિશે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. આ દરમિયાન તેમના ધ્યાને એક એવો પ્રોજેક્ટ આવ્યો જેને મંજૂરી ૨૦૦૭માં મળી ગઈ હતી અને ૨૦૧૨માં આ પ્રોજેક્ટ પૂરો પણ થઈ જવો જોઈતો હતો છતાં અત્યાર સુધી આ પ્રોજેક્ટ અટવાયેલો રહેતા પીએમ મોદી અકળાયા હતા. તેમણે અધિકારીઓનો ઉધડો લઈ નાખ્યો. આ પ્રોજેક્ટને મંજૂરી મળવાથી લઈને અત્યાર સુધીમાં લગભગ ૧૫થી ૧૬ વર્ષનો વિલંબ થઈ ચૂક્યો છે. જેના લીધે તેની પાછળ થનારો ખર્ચપણ હવે બમણાથી વધુ થઈ ગયો છે જેને લઈને પીએમ મોદી ગુસ્સે થયા હતા. તેમણે આ અંગે ચિંતા વ્યક્ત કરતાં અધિકારીઓને સલાહ પણ આપી હતી. આ પ્રોજેક્ટ હેઠળ ૮૯૧ કિલોમીટરની ગેસ પાઈપલાઈન પાથરવાની હતી. જેનો ફાયદો લગભગ ૩ રાજ્યોને થવાનો હતો. પ્રગતિ સમીક્ષા બેઠકમાં લાંબા સમયથી બે પેન્ડિંગ યોજનાઓનો ઉલ્લેખ કરાયો હતો. જેમાં એક યોજના છે કોચ્ચિ-કુટ્ટનાડ-બેંગ્લુરુ-મેંગ્લુરુ પાઈપલાઈન ફેસ-૨ પ્રોજેક્ટ જે કોચ્ચિ એલએનજી ટર્મિનલથી લિક્વિડ નેચરલ ગેસને ટ્રાન્સફર કરશે.

તેનાથી કેરળ, તમિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યોમાં ગ્રાહકોને સરળતાથી એલએનજી ઉપલબ્ધ થશે. આ મહત્ત્વપૂર્ણ યોજના આ ત્રણેય દક્ષિણના રાજ્યોને ગેઈલની નેશનલ ગેસ ગ્રીડ સાથે જોડશે. મોદીએ દેશમાં ચાલતા ઈન્ફ્રાપ્રોજેક્ટ્સની માહિતી મેળવીપ્રોજેક્ટને ૧૫થી ૧૬ વર્ષનો વિલંબ થઈ ચૂક્યો છે, જેના લીધે તેની પાછળ ખર્ચપણ હવે બમણાથી વધુ થઈ ગયો આ પ્રોજેક્ટને ૨૦૦૭માં મંજૂરી અપાઈ હતી અને ૨૦૧૨માં તેના પરકામ પૂરું કરી લેવાનું લક્ષ્ય હતું પણ હવે તેને ૨૦૨૫ સુધીમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. ગત વર્ષે આ પ્રોજેક્ટ પૂરો કરવાનું લક્ષ્ય સપ્ટેમ્બર ૨૦૨૨ રખાયું હતું પણ પીએમ મોદીને જાણ કરાઈ કે હવે આ પ્રોજેક્ટ ફેબ્રુઆરી ૨૦૨૫માં પૂરો થશે. આ પ્રોજેક્ટ પાછળ ૨૯૧૮ કરોડ રુ.ના ખર્ચનું લક્ષ્ય રખાયું હતું જે હવે વધીને ૫૯૦૯ કરોડ રૂપિયા થઈ ગયું છે.

ટ્રાય કરો ચોખાના આ ફેસપેક, પાર્લર ગયા વિના ચમકી જશે તમારો ચહેરો

યુવતીઓ ત્વચાની સુંદરતા વધારવા માટે મોંઘી પ્રોડક્ટનો ઉપયોગ પણ કરે છે. પરંતુ ત્વચાને સુંદર બનાવવા માટે તમે નેચરલ વસ્તુઓનો ઉપયોગ કરશો તો પરિણામ ઝડપથી જોવા મળશે. ઘરમાં ઉપલબ્ધ કેટલીક વસ્તુઓનો ચહેરા ઉપર ઉપયોગ કરવાથી બેસ્ટ રીઝલ્ટ મળે છે. આવી જ એક વસ્તુ છે ચોખાનો લોટ. ચોખાનો લોટ ચહેરાનો નિખાર વધારવા માટે બેસ્ટ વસ્તુ છે. આજે તમને ચોખાના લોટથી બનતા બે ફેસપેક વિશે જણાવીએ. તેમાંથી કોઈ પણ એક નો ઉપયોગ અઠવાડિયામાં એક વખત કરવાથી તમારી ત્વચાની રંગત ખીલી જશે.

યુવતીઓ ત્વચાની સુંદરતા વધારવા માટે મોંઘી પ્રોડક્ટનો ઉપયોગ પણ કરે છે. પરંતુ ત્વચાને સુંદર બનાવવા માટે તમે નેચરલ વસ્તુઓનો ઉપયોગ કરશો તો પરિણામ ઝડપથી જોવા મળશે. ઘરમાં ઉપલબ્ધ કેટલીક વસ્તુઓનો ચહેરા ઉપર ઉપયોગ કરવાથી બેસ્ટ રીઝલ્ટ મળે છે. આવી જ એક વસ્તુ છે ચોખાનો લોટ. ચોખાનો લોટ ચહેરાનો નિખાર વધારવા માટે બેસ્ટ વસ્તુ છે. આજે તમને ચોખાના લોટથી બનતા બે ફેસપેક વિશે જણાવીએ. તેમાંથી કોઈ પણ એક નો ઉપયોગ અઠવાડિયામાં એક વખત કરવાથી તમારી ત્વચાની રંગત ખીલી જશે.

પલાળેલા ચોખાનો ફેસપેક

ચહેરાનો ગ્લો વધારવા માટે ચોખાનો આ ફેસપેક બેસ્ટ છે. તેના માટે ચોખાને થોડીવાર પલાળી રાખો. જ્યારે ચોખા બરાબર પલળી જાય તો તેને પાણીથી અલગ કરીને મિક્સરમાં પીસી લો. ત્યાર પછી તેને એક બાઉલમાં કાઢો અને તેમાં એક ચમચી ચણાનો લોટ એક ચપટી હળદર અને થોડું મધ ઉમેરો. ત્યાર પછી તેને ચહેરા પર લગાડો. તેને ૧૫ થી ૨૦ મિનિટ સુધી સુકાવા દો અને પછી મસાજ કરીને ચહેરા પરથી હટાવો.

ચોખાના લોટનો ફેસપેક

બીજો ફેસપેક બનાવવા માટે એક વાસણમાં ચોખાનો લોટ લેવો. તેમાં થોડું ઘી અને ગુલાબજળ ઉમેરો. તેને બરાબર મિક્સ કરો. ત્યાર પછી તેને ચહેરા પર લગાડો અને ૧૫ મિનિટ પછી મસાજ કરીને ચહેરો સાફ કરી લો.

અસુરક્ષિત ઈમારતોની અવગણના ન કરવી જોઈએ : તુર્કીયેનો ભયાનક ભૂકંપ ભારતીય મ્યુનિસિપલ સત્તાવાળાઓ માટે બોધપાઠ સમાન છે

નવી દિલ્હી તા.૨૫

૬ ફેબ્રુઆરીની વહેલી સવારે તુર્કીના નાગરિકો રિક્ટર સ્કેલ પર ૭.૮ ના પ્રચંડ ભૂકંપથી જાગી ગયાહતા, ત્યારબાદ બીજો આંચકો ૭.૫નો હતો, જેણે તુર્કીના ૧૧ દક્ષિણપૂર્વીય પ્રાંતો તેમજ સીરિયાના પાંચ પ્રાંતોમાં મોટાભાગની માળખાકીય સુવિધાઓનો નાશ કર્યો હતો. ૪૦,૦૦૦થી વધુ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે, અને નિષ્ણાંતો માને છે કે માત્ર તુર્કિયેમાં જ મૃત્યુઆંક વધીને ૫૦,૦૦૦ થઈ શકેછે. તુર્કિયેમાં૯૮,૦૦૦ ચોરસ કિલોમીટર અને સીરિયામાં ૬૦,૦૦૦ ચોરસ કિલોમીટરથી વધુના વિનાશના વિશાળ સ્કેલને કારણે બચાવ ટીમો માટે દરેક ખૂણે પહોંચવું અશક્ય બન્યું હતું. અસરગ્રસ્ત ૧૦ પ્રાંતોની કુલ વસ્તી ૧૩.૪ મિલિયનથી વધુ લોકો અથવા દેશની કુલ વસ્તીના ૧૫ ટકા છે. ટર્કિશ સ્ટેટિસ્ટિકલ ઑફિસ, તુર્કસ્ટેટ અનુસાર, અસરગ્રસ્ત પ્રદેશો તુર્કીના જીડીપીમાં લગભગ ૯.૩ ટકા હિસ્સો ધરાવે છે.

આ વિસ્તારના હવાઈ નિરીક્ષણમાં કાટમાળના ઢગલા જોવા મળે છે જેમાં કેટલીક હયાત ઈમારતો ટાપુઓ જેવી લાગે છે. આ ટાપુઓ વર્ષોથી ગરીબો માટે સરકાર દ્વારા બાંધવામાં આવેલા સબસિડીવાળા હાઉસિંગ પ્રોજેક્ટ છે. અન્ય તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ભંગાર હાલતમાં છે. સરકારી આંકડાઓ અનુસાર, ૧૯,૫૦૦ બહુમાળી ઈમારતો સંપૂર્ણપણે નાશ પામી હતી, ૬૮,૫૦૦ આંશિક રીતે નુકસાન પામી છે જેને તોડી પાડવાની જરૂર છે, અને અન્ય ૩૦,૦૦૦ઈમારતોને સમારકામની જરૂરછે. ૧૯૮૦નાદાયકાની શરૂઆતથી, વ્યક્તિગત મકાનો બાંધવા ઉપર પ્રતિબંધ છે, તેથી લોકોએ બહુમાળી એપાર્ટમેન્ટ બિલ્ડીંગમાં જ રહેવું પડે છે.

૧૯૯૯ના ભૂકંપથી તુર્કિયેમાં મકાન નિયમો કડક હોવા છતાં, આટલી બધી ઈમારતોના વિનાશનેકારણે સરકાર અને વિપક્ષ વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ રહી છે. મોટાભાગની ધ્વસ્ત ઈમારતો ૨૦૦૦ના દાયકાની હોવાનું જણાય છે, પરંતુ ઘણી એવી નવી છે કે વિકાસકર્તાઓ હજુ પણ તેમાંના ખાલી ફ્લેટ વેચી રહ્યા હતા. બીજા ભૂકંપના કેન્દ્રની નજીક આવેલા શહેર માલત્યામાં એક ઉંચી ઈમારત તૂટી પડીહતી, તે ગયા વર્ષે જ પૂર્ણ થઈહતી. નજીકના હટાયપ્રાંતમાં અંતાક્યામાં બીજી નવી ૧૨ માળની ઈમારતના ડેવલપર મેહમેટ યાસર કોસ્કનની ઈસ્તાંબુલ એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી, તે મોન્ટેનેગ્રો જવા માટે ફ્લાઈટમાં ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. રેનેસાં કોમ્પ્લેક્સ નામનો વૈભવી ૨૪ માળનો હાઉસિંગ પ્રોજેક્ટ એ જ શહેરમાં ૨૫૦ એપાર્ટમેન્ટ ધરાવતો હતો તે પણ પત્તાના મહેલની જેમ તૂટી પડ્યો હતો. સ્ટ્રક્ચરલ એન્જિનિયર અને ભૂકંપ વિશેષજ્ઞ મેહદી ઝારાએ જણાવ્યું હતું કે મોટાભાગના લોકોના મોત વાસ્તવિક ભૂકંપને બદલે ઈમારતો ધરાશાયી થવાને કારણે થયા હતા. જ્યારે ઈમારતો તૂટી જાય છે, ત્યારે તેનો અર્થ એ થાય છે કે તેમના બાંધકામ અને ડિઝાઈનમાં કંઈક ખોટું થયું છે. અમારી પાસેહવેઈમારતોને ભૂકંપ પ્રતિરોધક બનાવવા અને નુકસાન ઘટાડવા માટેની તકનીક છે.

કેલિફોર્નિયા સ્થિત જાપાનીઝ-અમેરિકન સ્ટ્રક્ચરલ એન્જિનિયર કિટ મિયામોટો, જેઓ એન્જિનિયરોની ટીમ સાથે અંકારા પહોંચ્યા હતા, તેમણે ટર્કિશ ન્યૂઝ ચેનલોને જણાવ્યું હતું કે, તુર્કિયેમાં બિલ્ડીંગ કોડ્સ સારા છે, ઘણી ઈમારતો તે કોડ પહેલાની છે. તેમણે કહ્યું કે એવું લાગે છે કે કોડનું અમલીકરણ કરવામાં આવ્યુંનથી, જે સમજાવે છે કે શા માટે નવા બાંધકામો ભૂકંપ સામે ટકી શક્યા નથી. ભૂકંપ પ્રતિરોધક માનવામાં આવતી ઈમારતને તેના પાયા ઉપર ઘણા બધા હોરિઝોન્ટલ સ્ટીલ બીમ અને પછી વર્ટિકલ સ્ટ્રક્ચરને ટેકો આપવા માટે સ્ટીલના સ્તંભોની જરૂર પડેછે, જેથી જ્યારે તે ભૂકંપથી હચમચી જાય ત્યારે તેની મૂળ સ્થિતિમાં આવવા માટે થોડી લવચીક બને. ઝારાએ જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટરો સ્ટીલના નાણાં બચાવવા માટે, કોંક્રીટનો ઉપયોગ કરે છે જે ધ્રુજારી પછી બિલ્ડિંગને તેની સ્થિતિમાં પાછી આવવા દેતું નથી. સરકારી અધિકારીઓના જણાવ્યા મુજબ, ૧૧ પ્રાંતોમાં મોટાભાગની નગરપાલિકાઓ વિપક્ષી પાર્ટી (પાર્ટી ઓફ ગુડ) અને કુર્દિશ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (HDP) દ્વારા સંચાલિત છે, જેમણે વર્ષોથી નિયમો અને પ્રક્રિયાઓને ઉદાર બનાવી છે. જો કે, વિરોધ પક્ષો કેન્દ્ર સરકાર ઉપર બાંધકામને પ્રોત્સાહિત કરવા માટે સલામતી પ્રમાણપત્રો આપ્યા હોવાનો આક્ષેપ કરે છે.

ભારતથી વિપરીત, તુર્કીમાં કોઈ રાજ્ય સરકારો નથી, તેથી તમામ સત્તાઓ કેન્દ્ર સરકારને સોંપવામાં આવી છે. પરંતુ ૨૦૦૫માં તુર્કીએ યુરોપિયન યુનિયન સાથે સંપૂર્ણ સભ્યપદ માટે વાટાઘાટો શરૂ કરી હોવાથી, તેને વાટાઘાટોનું માળખું સોંપવામાં આવ્યું હતું, જેણે તુર્કીએને સંખ્યાબંધ કાનૂની, માળખાકીય, સામાજિક અને રાજકીય સુધારાઓ હાથ ધરવાનું ફરજિયાત કર્યું હતું. ચૂંટાયેલી સ્થાનિક સંસ્થાઓને જંગી સત્તાઓ સોંપવામાં આવી હતી, જેમાં તેમને કર એકત્રિત કરવાની, સ્થાનિક રીતે તેનો ઉપયોગ કરવાની અને નાગરિક સંહિતા લાગુ કરવાની મંજૂરી આપવાનો સમાવેશ થતો હતો. નગરપાલિકાઓ, ઘર ખરીદનારાઓને આકર્ષવા અને વધુ કર વસૂલવા માટે, નિયમોને ઉદાર બનાવે છે અને ઘણી જગ્યાએ

કોડની અવગણના કરે છે.

બાંધકામમાં તેજીને પ્રોત્સાહિત કરવા વિદેશીઓને નાગરિકતા આપવામાં આવી હતી. વિકાસકર્તાઓએ પ્રોપર્ટી બિઝનેસમાં રોકાણ કરવા માટે રશિયનો, ઈરાનીઓ અને આરબોને આકર્ષવા માટે એપાર્ટમેન્ટ બનાવવાનું શરૂ કર્યું. વાઈસ પ્રેસિડેન્ટ ફુઆટ ઓકટેએ જણાવ્યું હતુંકે ભૂકંપના આંચકાઓ પછી ધરાશાયી થયેલી ઈમારતો સાથે જોડાયેલા ૧૩૧ કોન્ટ્રાક્ટરો, આર્કિટેક્ટ્સ અને એન્જિનિયરોની ઓળખ કરવામાં આવી હતી. ન્યાય મંત્રાલયે ભૂકંપના ગુનાઓની તપાસ કરવા માટે એક કાર્યાલયની સ્થાપના કરી છે.

ભારત માટે એક બોધપાઠ

ભૂકંપ નિષ્ણાંત ઈમ્તિયાઝ સુલોમિને જણાવ્યુંહતું કે મોટાભાગની ઈમારતો જો યોગ્ય ડિઝાઈન અને બાંધકામ સામગ્રી સાથે બાંધવામાં આવે તો તે આવા આંચકાનો સામનો કરી શકે છે. સોલોમિને જણાવ્યું હતું કે મોટા ભાગના સ્થળોએ, ભૂકંપની તીવ્રતા મહત્તમ સહન કરી શકાય તેવા મૂલ્ય કરતાં ઓછી હતી, જેના કારણે નિષ્ણાંતો તારણ કાઢે છે કે મોટાભાગની ધરાશાયી થયેલી ઈમારતોમાં ભૂકંપના બિલ્ડીંગ કોડનું પાલન કરવામાં આવ્યું નથી. તુર્કીનો ભૂકંપ વિશ્વમાં શહેરી આયોજકો માટે એક મોટો બોધપાઠ છે, ખાસ કરીને ભારતમાં, જ્યાં બિલ્ડિંગ કોડ્સઅને માળખાકીય ઓડિટનુંપાલનઅસમાન છે. દિલ્હી સિસ્મિક ઝોન IVમાં આવે છે, જે ધરતીકંપનું ઉચ્ચ જોખમસૂચવે છે. ત્યાં પણ બાંધકામો, ખાસ કરીને અનધિકૃત વસાહતોમાં, બાંધકામ નિયમોનું પાલન કર્યા વિના થાય છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં ચિન્ટેલ પેરાડિસોની છતપડી જવાની ઘટના પછી ગુરૂગ્રામના તમામ સંયુક્ત કમિશ્નરોને અસુરક્ષિત ઈમારતોને ઓળખવા માટે તેમના ઝોનમાં સલામતી સર્વેક્ષણ હાથ ધરવા માટે કહેવામાં આવ્યું હતું. સમાચાર અહેવાલોના અનુસાર, એક મહિના સુધી ચાલેલી આ કવાયતમાં ૫૫૫ ઈમારતોની ઓળખ કરવામાં આવી, જેમાં સૌથી વધુ ૨૫૯ ઝોન-૩માં આવે છે. જેમાં મુખ્યત્વે ન્યુ ગુરૂગ્રામના ભાગોનો સમાવેશ થાય છે. જુલાઈ ૨૦૨૨માં, દિલ્હી સરકારે દિલ્હી હાઈકોર્ટને ભૂકંપ દરમ્યાન જીવન અને સંપત્તિની સલામતી સુનિશ્ચિત કરવા માટે, માળખાકીય સલામતી ઓડિટ અને ઈમારતોના રિટ્રોફિટિંગ માટે સામાન્ય લોકોને પ્રોત્સાહિત કરવાની તેની યોજના વિશે જણાવ્યું હતું. દરમ્યાન દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટીએ જાહેર કર્યું હતું કે માળખાકીય સલામતીના મૂલ્યાંકન માટે ઓળખવામાં આવેલી ૧૦,૦૮૦ ઈમારતોમાંથી, કુલ ૪,૯૪૧ ઉચ્ચ જોખમવાળી ઈમારતો છે.

ભારતમાં, LICની સમકક્ષ એક અલગ વીમા કંપનીની સ્થાપના કરવાની જરૂરિયાત છે અને દેશમાં ઘરના તમામ માલિકો માટે તેમના માટે વ્યાજબી હોય તેવા પ્રીમિયમ સાથે મિલકતોનો વીમો લેવો ફરજિયાત બનાવવો જોઈએ. તુર્કિયેમાં, ઈમારતોને માત્ર ત્યારે જ યુટિલિટી સેવાઓ મળે છે જો તેનો વીમો હોય અને નિયમિતપણે પ્રિમીયમ ચૂકવવામાં આવતું હોય. વધુમાં મકાન માલિકોએ ૧૯૯૯ ના ધરતીકંપ પછી ધરતીકંપ કર ચૂકવવો પડે છે. આપત્તિ નિવારણ અને કટોકટી સેવાઓના વિકાસમાટે અંદાજિત ૮૮ બિલિયન લીરા ($4.6 બિલિયન) કેન્દ્ર સરકાર પાસે છે.

આધુનિક ગેજેટ્સથી સજજ મ્યુનિસિપલ કોર્પોરેશનના અમલીકરણ વિભાગ ઈમારતોના ધરતીકંપ પ્રતિકારની વાર્ષિક તપાસ કરે છે. જ્યારે કોઈ ઈમારતને અસુરક્ષિત જાહેર કરવામાં આવે છે, ત્યારે મ્યુનિસિપલ સત્તાવાળાઓ તેને તોડી નાખે છે અને માલિકો પાસેથી એક પૈસો વસૂલ્યા વિના તેને ફરીથી બાંધે છે. વીમા કંપનીઓ પુર્નઃનિર્માણનો ખર્ચ અને માલિક જ્યારે ઘર ખાલી કરે છે તે સમયગાળા દરમ્યાનનું ભાડું પણ આપે છે. દરેક બિલ્ડિંગનો વીમો લેવો જરૂરી હોવાથી, કંપનીઓ પ્રિમિયમ તરીકે વાર્ષિક અંદાજે ૧૯.૨ બિલિયન લીરા મેળવે છે. ભારતમાં, સત્તાધિકારીઓની બહુવિધતાને કારણે, મ્યુનિસિપલ કોર્પોરેશનો પાસે ભાગ્યે જ આવી સત્તાઓ અથવા તકનીકી ક્ષમતા હોય છે. ભારતના હિમાલય ક્ષેત્રના મોટાભાગના ભાગો, પશ્ચિમ ઘાટનો પટ્ટો, કચ્છ પ્રદેશ અને ઈન્ડો-ગંગાના મેદાનો વિવિધ ભૂકંપ ઝોનમાં છે. માટે આવી આપત્તિ માટે તૈયાર રહેવું અને ઈમરજન્સી પ્લાન બનાવવો મહત્વપૂર્ણ છે. તુર્કી અને સીરિયામાં હૃદયદ્રાવક માનવદુર્ઘટના એ ભારતના નગરનિયોજકો માટે બિલ્ડિંગ ઉલ્લંઘનો પર કડકકાર્યવાહી કરવા માટેની એક ચેતવણી સમાન છે.

સિએટલ જાતિ આધારિત ભેદભાવ ઉપર પ્રતિબંધ મૂકનાર પ્રથમ અમેરિકી શહેર બન્યું

(એજન્સી) તા.૨૫

અમેરિકામાં જાતિ આધારિત ભેદભાવ ઉપર પ્રતિબંધ મૂકનાર સિએટલ પ્રથમ શહેર બન્યું છે. સિએટલ સિટી કાઉન્સિલે તાજેતરમાં શહેરના ભેદભાવ વિરોધી કાયદામાં જાતિનો ઉમેરો કર્યો છે. ૬-૧ મતથી પસાર થયેલા વટહુકમના સમર્થકોએ જણાવ્યું હતું કે જાતિ આધારિત ભેદભાવ રાષ્ટ્રીય અને ધાર્મિક સીમાઓનો દુરૂપયોગ કરે છેઅને આવા કાયદા વગર તેનો ભોગ બનેલા લોકોનું રક્ષણ નહીં થાય. સિએટલની સિટી કાઉન્સિલમાં હિંદુ પ્રતિનિધિદ્વારા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેણે ભારતીય મૂળના લોકોમાં ચર્ચા જગાવી હતી. આ પ્રસ્તાવ જાતિ આધારિત ભેદભાવ દૂર કરવા માટે વટહુકમ લાવવા સંબંધિત હતો. ક્ષમા સાવંત નામનાં પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી દરખાસ્ત ઉપર કાઉન્સિલ દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. જે બાદ સિએટલ અમેરિકાનું પ્રથમ શહેર બની ગયું, જ્યાં જાતિગત ભેદભાવ ગેરકાયદેસર બની ગયો છે.

આ અંગે દક્ષિણ એશિયન સમુદાયમાં પણ વિભાજન જોવા મળ્યું છે. આ સમુદાયના લોકો સંખ્યામાં ઓછા હોવા છતાં સિએટલમાં તેને એક પ્રભાવશાળી જૂથ તરીકે જોવામાં આવે છે. અમેરિકાની સિટી કાઉન્સિલમાં રજૂ કરવામાં આવેલો આ પ્રકારનો પ્રથમ પ્રસ્તાવ છે. સમર્થકો તેને સામાજિક ન્યાય અને સમાનતા લાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવી રહ્યા છે.

બીજી તરફ તેનો વિરોધ કરનારાઓની સંખ્યા પણ એટલી જ છે. તેમનો આરોપ છે કે આ પ્રસ્તાવનો હેતુ દક્ષિણ એશિયાના લોકોનેઅનેતેમાં પણ ખાસ કરીને ભારતીય અમેરિકનોને નિશાન બનાવવાનો છે. ક્ષમા સાવંત પોતે ઉચ્ચ જાતિમાંથી આવે છે. તેમણે કહ્યું, "આપણે એ સમજવાની જરૂર છે કે ભલે અમેરિકામાં દલિતો સાથે ભેદભાવ દક્ષિણ એશિયા જેટલો દેખાતો નથી. પણ ત્યાં એ દરેક જગ્યાએ જોવા મળે છે. અહીં પણ ભેદભાવ એ વાસ્તવિક્તા છે.

ભારતીય મૂળનાં ઘણાં અમેરિકનોનું માનવું છે કે જાતિને નીતિનો ભાગ બનાવવાથી અમેરિકામાં 'હિંદુફોબિયા'ની ઘટનાઓ વધી શકે છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમેરિકામાં ૧૦ હિંદુમંદિરો અને પાંચ મૂર્તિઓની તોડફોડ કરવામાં આવી છે. જેમાં મહાત્મા ગાંધી અને મરાઠા રાજ છત્રપતિ શિવાજીની પ્રતિમાનો સમાવેશ થાય છે. કેટલાક લોકો આ ઘટનાઓને હિંદુ સમુદાયને ડરાવવાના પ્રયાસ તરીકે જોતા હતા. અમેરિકામાં ભારતીય મૂળના લોકોની વસતી ઈમિગ્રન્ટ્સમાં બીજા ક્રમે છે. અમેરિકન કૉમ્યુનિટી સર્વેના ૨૦૧૮ના આંકડાને ટાંકીને સમાચાર એજન્સી પીટીઆઈએ જણાવ્યું છે કે અમેરિકામાં ભારતીયમૂળના ૪૨ લાખલોકો રહે છે. સિએટલ સિટી કાઉન્સિલનો વટહુક્મ ૨૦૨૧માં સાન્ટા ક્લૅરા હ્યુમન રાઈટ્સ કમિશનમાં 'ઈક્વાલિટી લૅબ' દ્વારા લાવવામાં આવેલા વટહુકમ જેવો જ છે. અમેરિકામાં રહેતા ભારતીય મૂળના લોકોના વાંધાઓ સાંભળ્યા બાદ એ પ્રસ્તાવ રદ કરવામાં આવ્યો હતો. સિએટલમાં રજૂ કરાયેલા પ્રસ્તાવમાં 'ઈક્વાલિટી લૅબ'ના જાતિ આધારિત સર્વેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

યુપી મેં કા બા ?: કોણ છે ગાયિકા નેહા રાઠોડ જે યુ.પી પોલીસ દ્વારા કાર્યવાહીનો સામનો કરી રહી

લખનૌ, તા.૨૫

લોકપ્રિય ભોજપુરી ગાયિકા નેહા સિંહ રાઠોડને તેના ગીત 'યુપી મી કા બા-સીઝન ૨'ઉપર પોલીસ નોટિસ આપવામાં આવી છે, જે તેણે ટ્વિટર અને ફેસબુક ઉપર શેર કર્યું હતું. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે કાનપુર દેહાતમાં ઘર ખાલી કરાવવાની ઝુંબેશ દરમ્યાન થયેલા મૃત્યુ વિશેનું ગીત લોકોમાં નફરત જગાડવાનો પ્રયાસ કરે છે અને નેહા સિંહ રાઠોડને ત્રણ દિવસમાં નોટિસનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ગાયિકા ઉત્તરપ્રદેશ સરકારની પ્રખર ટીકાકાર છેઅને તેણે ગયા વર્ષની વિધાનસભા ચૂંટણી પહેલાયોગી આદિત્યનાથની આગેવાની હેઠળની સરકારની ટીકા કરી હતી પરંતુ આ નેહા સિંહ રાઠોડ કોણ છે. નેહા સિંહ રાઠોડ મૂળ બિહારની છે અને ૨૦૨૨માં યુપી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન તેના ગીત 'યુપી મી કા બા'માટે પ્રખ્યાત થઈ હતી. ગીત ખૂબ વાયરલ થયું હતું. અગાઉના ગીત, નેહા સિંહ રાઠોડે રોગચાળાને નિયંત્રિત કરવા, લખીમપુર ખેરી હિંસા અને હાથરસ બળાત્કાર કેસ જેવા મુદ્દાઓ ઉપર ઉત્તરપ્રદેશની ભાજપ સરકારની ટીકા કરી હતી. નેહા સિંહ રાઠોડનું 'યુપી મી કા બા' રવિ કિશનના ગીત 'યુપી મે સબ બા'ના જવાબમાં હતુંજે પણ વાયરલ થયું હતું. રવિ કિશને ઉત્તરપ્રદેશમાં ભાજપ સરકારના વખાણ કર્યા હતા. ગયા વર્ષે યુપીની ચૂંટણીની મોસમ દરમિયાન તેણે એક મતદાન ગીત યુદ્ધ શરૂ કર્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર નેહા સિંહ રાઠોડનો જન્મ ૧૯૯૭માં બિહારમાં થયો હતો. તેણીએ કાનપુર યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. નેહા સિંહ રાઠોડે તેની સંગીત કારકિર્દી ૨૦૧૮માં શરૂ કરી હતી. તેણીની 'યુપી મી કા બા' લોકપ્રિય થાય તે પહેલાં, તેણીએ કોવિડ જાગૃતિ પર ભોજપુરીમાં ગીતો ગાયા હતા. ભોજપુરી સિંગર નેહા રાઠોડના ગીતો મોટાભાગે સામાજિક મુદ્દાઓ ઉપર હોય છે.

શિક્ષકોની બદલીના નિયમોમાં ફેરફાર માટે ચોથીએ કમિટીની બેઠક યોજાશે

અમદાવાદ, તા.૨૫

રાજ્યની પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોની બદલીને લઈને ૧૫ સભ્યોની કમિટીની બીજી બેઠક ૪ માર્ચના રોજ મળશે. તાજેતરમાં ૧૭ ફેબ્રુઆરીના રોજ કમિટીની પ્રથમ બેઠક યોજાયા બાદ બીજી બેઠકની પણ સત્તાવાર જાહેરાત કરાઈ છે. જેમાં શિક્ષકોની બદલીના નિયમોમાં આવશ્યક સુધારા માટે કમિટીમાં ચર્ચા કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવાશે. રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકોની બદલીઓને લઈને તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં બદલીના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. જો કે, નવા નિયમો જાહેર થયા તેસાથે જ નિયમોને લઈને શિક્ષકોમાં ભારે વિરોધ શરૂ થયો હતો. શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નવા નિયમોના આધારે પ્રક્રિયા પણ શરૂ કરી દીધી હતી, જેમાં પ્રથમ તબક્કામાં વધઘટ કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જિલ્લાના ઓનલાઈન આંતરિક બદલી કેમ્પની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ કેમ્પ માટે શિક્ષકોએ અરજીઓ પણ કરી દીધી હતી. જો કે, નવા નિયમોમાં સિનિયોરિટી સહિતના મુદ્દે શિક્ષકોએ હાઈકોર્ટમાં ૨૦૦ કરતા વધુ રિટ કરી હતી. આમ, બદલીના નિયમોને લઈને કામગીરી અટકી પડી હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નિયમોમાં ફેરફાર કરવાની પ્રક્રિયા ફરી શરૂ કરી છે, જેના માટે શિક્ષણ વિભાગ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી છે. તાજેતરમાં આ કમિટીની પ્રથમ બેઠક મળી હતી, જેમાં બદલીના નિયમોને લઈને કયા પ્રકારના સુધારા કરી શકાય તે માટેના સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. જો કે, હવે કુલ ૧૫ સભ્યોની આ કમિટીની બીજી બેઠક ૪ માર્ચ, ૨૦૨૩ના રોજ ગાંધીનગર ખાતે આવેલા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ખાતે બોલાવવામાં આવી છે.

પહેલીવાર જમ્મુ-કાશ્મીરમાં મિલકતવેરો વસૂલવામાં આવશે, ૧ એપ્રિલથી શરૂ થશે

જમ્મુ તા.૨૫

લાંબા સમયથી ચૂંટણીની રાહ જોઈ રહેલા જમ્મુ-કાશ્મીરમાં વહીવટીતંત્રે વધુ એક નિર્ણય કર્યો હતો જેના લીધે સ્થાનિક રાજકીય પક્ષો ગુસ્સે થયા હતા. જમ્મુકાશ્મીર વહીવટીતંત્રે મંગળવારે ૧ એપ્રિલથી કેન્દ્રશાસિત પ્રદેશના શહેરી સ્થાનિક સંસ્થાઓના અધિકારક્ષેત્ર હેઠળ રહેતા લોકો ઉપર મિલકત વેરો લાદવાનો નિર્ણય કર્યો. આ નવી કર પ્રણાલી સાથે, ૭૮ મ્યુનિસિપલ સંસ્થાઓની ઈમારતો દાયરામાં આવશે અને સરકારને કરોડોનો લાભ મળશે.

જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રે કેન્દ્રિય પ્રદેશના મ્યુનિસિપલ વિસ્તારોમાં મિલકત વેરા અંગેની સૂચના જારી કરી છે. તેને ૧ એપ્રિલથી મિલકત વેરો લાદવાનો આદેશ આપવામાં આવ્યો છે. જારી કરવામાં આવેલી સૂચના અનુસાર, શહેરી સરહદ ઉપર આવતા રહેણાંક અને વ્યાપારી બંને સંપત્તિ માટે કર લેવામાં આવશે. રહેણાંક મિલકતો માટેના કરદર કરપાત્ર વાર્ષિક મૂલ્યના ૫ ટકા અને વ્યાપારી સંપત્તિ માટે ૬ ટકા હશે. જો કે, ખાલી પડેલી જમીન, મંદિર, મસ્જિદ અને ગુરૂદવારાઓને મિલકત વેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. સ્મશાન ઘાટ અને કબ્રસ્તાન પણ મિલકત વેરાથી મુક્ત રાખવામાં આવ્યા છે. આચાર્ય સચિવ હાઉસિંગ અને શહેરી વિકાસ વિભાગ, એચ રાજેશ પ્રસાદ દ્વારા સૂચના, જ્યારે મિલકત વેરા, આકારણી અને સંપત્તિ વેરાના સંગ્રહ અને સિટી કાઉન્સિલ ટેક્સ (અન્ય મ્યુનિસિપાલિટીઝ)ના નિયમોની સૂચના, ૨૦૨૩ (જમ્મુ અને કાશ્મીર પ્રોપર્ટી ટેક્સ (અન્ય મ્યુનિસિપાલિટીઝ) નિયમો કહેવામાં આવશે અને "આ ફેરફારો એપ્રિલ ૧, ૨૦૨૩થી લાગુ થશે". આદેશ મુજબ, કોઈપણ નાણાકીય વર્ષમાં ૩૦ મે સુધીમાં મિલકત વેરો જમા કરાવી શકાય છે.

ઓક્ટોબર ૨૦૨૦માં, ગૃહ મંત્રાલયે (એમએચએ) સંઘના વહીવટને જમ્મુકાશ્મીરની શહેરી સ્થાનિક સંસ્થાઓમાં સંપત્તિ વેરો લાદવાની મંજૂરી આપી. જમ્મુ-કાશ્મીરમાં સંપત્તિનું મૂલ્યાંકન એપ્રિલ ૨૦૨૩થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના પ્રથમ તબક્કામાં ત્રણ વર્ષ માટે રહેશે. જ્યારે મૂલ્યાંકન પછી, જો નવી ઈમારત બનાવવામાં આવી છે, તો પછી તેના કરની ગણતરી તે સમય અનુસાર કરવામાં આવશે.

નવી ફોર્મ્યૂલા મુજબ, રહેણાંક સંપત્તિમાં મિલકત વેરો કરપાત્ર વાર્ષિક મૂલ્યના ૫ ટકા, ટીએવી અને બિન-રહેણાંક સંપત્તિની દષ્ટિએ ૬ ટકા હશે. સંપત્તિના ટીએવી મૂલ્યને નગરપાલિકાના પ્રકાર, સરકાર દ્વારા સૂચિત જમીન મૂલ્ય દરના ૧૦મા ભાગને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવશે, જેમાં ફલોર, ક્ષેત્ર, ઉપયોગ, સંપત્તિની ઉંમર, સ્લેબ અને અન્ય ઘણા પરિબળોને ધ્યાનમાં રાખીને. જો કે, વહીવટની આ ઘોષણા પછી, ત્યાં એક વિવાદ શરૂ થયો છે. જમ્મુકાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય પરિષદના નેતા ઓમર અબ્દુલ્લાએ આ નિર્ણયને 'અન્યાયી' ગણાવ્યો હતો. તે કહે છે, "રજૂઆત વિના કોઈ કરવેરા ન થવા જોઈએ. આ કરવેરા જમ્મુ કાશ્મીરના લોકો માટે બોજારૂપ ગણાશે.

કાયદાકીય સલાહ આપવા બદલ પોલીસ ફરિયાદનો સામનો કરનાર વકીલે હાઈકોર્ટમાં કરી પિટિશન

અમદાવાદ, તા.૨૫

ગુજરાત હાઈકોર્ટમાં એક મહત્ત્વની પિટિશન દાખલ કરવામાં આવી હતી કે, જો એક એડવોકેટ પોતાના અસીલોને કાયદાકીય સલાહ આપે તો એ ફરજમાં અડચણ કે, બાધારૂપ ન કહીં શકાય અને તેની સામે કાયદેસર કાર્યવાહી થઈ શકે નહી. આ કેસમાં શહેરના સાબરમતી વિસ્તાર ખાતે દબાણો દૂર કરવા ગયેલા કલેકટર કચેરીના સ્ટાફને અટકાવીને સ્થાનિકોને ઉશ્કેરવા બદલ નોંધાયેલી ફરિયાદ રદ કરવા માટે એક વકીલ દ્વારા અરજી કરવામાં આવી હતી. આ અરજીની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટ દ્વારા ટિપ્પણી કરવામાં આવી હતી કે, કાયદાકીય સલાહ આપવી એ તો વકીલની વ્યવસાયિક ફરજ છે, તેમાં કંઈ ખોટું નથી. આ સાથે હાઈકોર્ટ દ્વારા રાજય સરકાર, ફરિયાદ કરનાર તલાટી સહિતના પક્ષકારોને નોટિસ કાઢવામાં આવી હતી અને એડવોકેટ સામે આ કેસમાં હાઈકોર્ટની પરવાનગી મેળવ્યા સિવાય ચાર્જશીટ ફાઈલ કરવા ઉપર પોલીસને મનાઈ ફરમાવી હતી. કેસની વિગતો મુજબ શહેરના સાબરમતી વિસ્તારમાં જવાહર ચોક પાસે વિશ્વકર્મા નગર ખાતે એકહજારથી મકાનો દૂર કરવાની નોટિસ બજાવવા કલેક્ટર કચેરીનો સ્ટાફ પહોંચ્યો હતો. સરકારી અધિકારીઓના મતે, આ ગૌચરની જમીન છે અનેતેની ઉપર મંદિરો, સ્થાનિકોના મકાનો ગેરકાયદે રીતેદબાણ કરી ઊભા કરાયા હોઈ તે દૂર કરવા બાબતે નોટિસ અપાઈ રહી છે. અરજદાર એડવોકેટ હોવાથી ત્યાં ગયા હતા અને તેમને ખબર પડી કે, સરકારી અધિકારીઓ જૂની તારીખની નોટિસ બજાવી રહ્યા છે અને જો સ્થાનિકો સહીઓ કરે તો તેમને હક્ક બંધ થઈ જાય તેમ હતો. તેથી તેમણે નોટિસ નહીં લેવાની કાનૂની સલાહ આપી, તેમાં કંઈ ખોટું કર્યુંનથી. તે તેમની વ્યવસાયિક ફરજ છે. આ બનાવ વખતે તલાટી તથા સ્ટાફના માણસો સાથે સ્થાનિકોનું ઘર્ષણ થયું હતું. બીજા દિવસે તલાટીએ એડવોકેટ સહિત ૨૫૦અજાણ્યા લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. તે રદ કરવા માટે હાઈકોર્ટમાં પિટિશન કરી હતી.

જૂનાગઢનાં મુબારકબાગમાં થયેલ ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ બે આરોપીઓને ઝડપી લેતી ક્રાઈમ બ્રાન્ચ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢનાં જયશ્રી ટોકીઝ પાછળ આવેલા મુબારકબાગમાં આવેલા એક મકાનમાંથી રૂા.૨૭ હજારનાંમુદ્યમાલની ચોરી થયાનો બનાવ તાજેતરમાં પોલીસમાં નોંધાયેલ છે. જેમાં સંડોવાયેલ આરોપીને ગણતરીની કલાકોમાં પોલીસે ઝડપી લીધેલ છે.

આબનાવ અંગે સાજણભાઈ જીલુભાઈ મકવાણા (ઉ.વ.૩૦) રહે.મુબારકબાગ વાળાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ કે, ફરિયાદીની પત્ની તેનાં ઘરે એકલી હતી જેથી તેનાં બાળકોને લઈ ઘરને સ્ટોપર મારેલ અને તાળુ મારેલ ન હતું અને તેની માતાનાં ઘરે રાત્રે દસેક વાગ્યે સુવા ગયેલ અને સવારે સાતેક વાગ્યે પરત આવેલ તો ઘર ખુલ્લું હતું અને આઈવા કંપનીનું ૩૨ ઈંચનું એલઈડી ટીવી રૂા.૧૨ હજાર તેમજ પાણી ભરવાનું પીતળનું બેડું રૂા.૩હજાર તેમજ પીતળની ૧૦ થારી તેમજ રોકડ રૂા.૧૦ હજાર વિગેરે મળી રૂા.૨૭ હજારનાં મુદામાલની ચોરી થયાની પોલીસ ફરિયાદ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

આ કામે ક્રાઈમ બ્રાન્ચની સુચના અને માર્ગદર્શન મુજબ સદરહું ગુન્હો ડીટેકટ કરવા માટે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી ખાનગી બાતમીદારો અને ટેકનીકલ સોર્સના માધ્યમથી પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા. દરમ્યાન પોલીસ હે.કો. પ્રકાશભાઈ ડાભી, આઝાદસિંહ સીસોદીયા, પો.કો. દિપકભાઈ બડવા અને દિવ્યેશ ડાભીને સંયુકતમાં હકીકત મળેલ કે આ ચોરીમાં રફીકશા ઉર્ફે ટકો ઉર્ફે રફલો ઈબ્રાહીમશા ફકીર, ઉ.વ.૨૨ તથા એઝાઝશા ઉર્ફે એઝલો ઈસ્માઈલશા ફકીર, ઉ.વ.૨૭, રહે.બંને સુખનાથ ચોક, જુના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારવાળા સંડોવાયેલ છે અને હાલ આ બંને ઈસમો ઉપરોકત ચોરીનો મુદામાલ વેચવા નીકળેલ છે અને જૂનાગઢ જયશ્રી ટોકીઝ પહેલા આવેલ રેલ્વેના ફાટક નજીક ચોરીના મુદામાલ સાથે ઉભા હોવાની હકકીતના આધારે ઉપરોકત સ્થળે તપાસ કરતા સદરહું ઈસમો હાજર મળી આવતા બંને ઈસમોની પુછપરછ કરતા ગલ્લા -તલ્લા કરતા હોય જથી બંનેની સઘન પુછપરછ હાથ ધરતા એક દિવસ પહેલા રાત્રી દરમ્યાન બંને ઈસમો મુબારકબાગમાં એક મકાનમાં ચોરી કરવા ગયેલ હતા અને ત્યાંથી ટીવી અને પિતળના વાસણોની ચોરી કરેલ હોવાની હકીકત જણાવતા ઉપરોકત ગુન્હાના કામે બંને ઈસમોને હસ્તગત કરી વધુ કાર્યવાહી માટે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનને સોંપેલ છે.

આ બંને આરોપીઓ પાસેથી પોલીસે આઈવા કંપનીનું એલઈડી ટીવી કિંમત રૂા.૧૨,૦૦૦, પિત્તળનો હાંડો કિંમત રૂા.૨૦૦૦, પિત્તળની ગાગર કિંમત રૂા.૧૦૦૦, પિતળની મોટા છાલીયા (થાળી) નંગ ૭ કિંમત રૂા.૧૪૦૦, પિત્તળનું નાનું છાલીયું ૧ કિંમત રૂા.૨૦૦ તથા રોકડ રૂા.૨૯૭૦ મળી કુલ રૂા.૧૯૭૫૦/-નો મુદામાલ કબ્જે કરેલ છે.

આ કામગીરીમાં જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના ઈન્ચાર્જ પીઆઈ જે.જે.પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી, ડી.કે. ઝાલા, એએસઆઈ વી.એન. બડવા, નિકુલ પટેલ, હે.કો.પ્રકાશભાઈ ડાભી, આઝાદસિંહ સીસોદીયા, યશપાલસિંહ જાડેજા, દિપકભાઈ બડવા, દિવ્યેશકુમાર ડાભી વગેરે જોડાયા હતા.

કોડીનાર ખાતે કેન્દ્રીય રાજય નાણામંત્રી ડો. ભાગવત કરાડના અધ્યક્ષ સ્થાને કેન્દ્ર અને ગુજરાત સરકારની યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

કોડીનાર, તા.૨૫

કોડીનાર ખાતે કેન્દ્રીય રાજય નાણામંત્રી ડો. ભાગવત કરાડના અધ્યક્ષસ્થાને કેન્દ્ર અને ગુજરાત સરકારની યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીએ કેન્દ્ર અને રાજય સરકારની કૃષિ, શિક્ષા, આરોગ્ય વગેરે જેવી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓના પ્રતિભાવો સાંભળ્યા હતા.

કેન્દ્રીય રાજય નાણામંત્રી ડો. ભાગવત કરાડે સ્થાનિક લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ દરમ્યાન સંબોધન કરતા જણાવ્યું હતું કે, સરકાર દિવસ-રાત કામ કરી છેવાડાના માનવીઓ સુધી યોજનાના લાભ પહોંચે એ રીતે કાર્યકરી રહી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા દરેક વર્ગના લોકો માટે કલ્યાણકારી યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે. ખેડૂતો માટે કિસાન સન્માન, પાકવીમા યોજના, સોઈલ હેલ્થ કાર્ડ આરોગ્ય ક્ષેત્રે આયુષ્માન-મા કાર્ડની સુવિધા, પ્રધાનમંત્રી જનધનના માધ્યમથી બેંકમાં ખાતા ખોલાવવા, મહિલાઓથી લઈ વિદ્યાર્થીઓને સ્પર્શતી તમામ યોજનાઓ ઉપરાંત ઉદ્યોગ, કૃષિ, શિક્ષા તેમજ આરોગ્ય સહિત તમામ ક્ષેત્રે સરકાર ઉત્તમ કાર્ય કરી રહી છે. અંતમાં મંત્રી એ સરકારની તમામ યોજનાઓનો લાભ લેવા ઉપસ્થિત તમામને આહવાન કર્યું હતું. આ તકે પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી મત્સ્ય સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ), પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓએ મંત્રીશ્રી સમક્ષ યોજનાથી જીવનમાં આવેલા પરિવર્તન વિષે પોતાના લાભદાયી અનુભવો જણાવ્યા હતાં. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર ,પી.એસ.ડોડીયા, દિલીપભાઈ મોરી, શિવાભાઈ સોલંકી, પ્રદેશ કિશાન મોર્ચાના ઉપાધ્યક્ષ મહેન્દ્રભાઈ પીઠિયા, અધિક કલેકટર બી.વી.લિંબાસિયા, ઉના પ્રાંત અધિકારી જે.એમ.રાવલ સહિત તાલુકા-જિલ્લા પંચાયતના સભ્ય સહિતના અગ્રણીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચોરવાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ સગીરાના અપહરણના ગુન્હામાં નાસી જનાર આરોપી ઝડપાયો

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડા તથા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ પોલીસ અધિકારીઓને ગુમ તથા અપહરણ થયેલ બાળકો અને સગીર વયની યુવતીઓને શોધી કાઢવા માટે અસરકારક પ્રયત્નો કરી સગીર બળાકો અને યુવતીઓને શોધી કાઢવા ખાસ સુચનાઓ આપી જીલ્લામાં ત્રણ ટીમોનું ગઠન કરવામાં આવેલ હતું જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પીઆઈ જે.જે.પટેલ તથા એસઓજી પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય અને ફરીયાદી માળીયા હાટીનાની સગીર વયની દિકરીને કોઈ અજાણ્યો શખ્સ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયેલ હોય જે અંગે ચોરવાડ પોલી સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હોય, આ કામે ટેકનીકલ સેલની મદદથી અને અંગત બાતમીદારો પાસેથી મળેલ માહિતીના આધારે ગઈકાલે અપહરણ સ્કવોડના એએસઆઈ પી.એમ.ભારાઈ, હે.કો. મજીદખાન પઠાણ, સાયબર સેલના પો.કો. સતીષભાઈ પરમાર, માનસિંહ રાઠોડ, સુખદેવસિંહ, વિપુલભાઈ ચોપડા, જીવાભાઈ ચાવડા, મહિલા હે.કો. રૂપાબેન સહિતના પોલીસ સ્ટાફના માણસો ચોરવાડ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીના આધારે ઉપરોકત ગુન્હામાં સંડોવાયેલ આરોપી તથા ભોગ બનનાર સગીરા ચોરવાડ જરારી વિસ્તારમાં હોવાનું જાણવા મળતા તે સ્થળે તપાસ કરતા આરોપી સરમણ નાથાભાઈ પંડીત, કોળી (ઉ.વ.૨૯) રહે. ચોરવાડ, જરારવિસ્તાર વાળો તથા ભોગ બનનાર સગીરા મળી આવતા બંનેને હસ્તગત કરી ધોરણસર કાર્યવાહી માટે ચોરવાડ પોલીસને સોંપી આપે છે.

કોડીનાર આપ પાર્ટી દ્વારા ડો.અતુલ ચગ આત્મ હત્યા મામલે આવેદન પત્ર અપાયું

કોડીનાર તા.૨૫

કોડીનાર આમ આદમી પાર્ટી દ્વારા આજે વેરાવળના પ્રતિષ્ઠીત ડોકટર અતુલભાઈ ચગની આત્મહત્યા બાબતે એફ.આઈ.આર.નોંધી તટસ્થ તપાસ કરી જવાબદાર ગુન્હેગારો સામે જરૂરી કાનુની કાર્યવાહી કરવા અંગે આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી.

કોડીનાર આપ પાર્ટી દ્વારા પાઠવેલા આવેદન પત્રમાં જણાવ્યા મુજબ ગત તા.૧૨.૦૨.૨૦૨૩ રવિવારના રોજ વેરાવળના પ્રતિષ્ઠીત તબીબ ડો.અતુલભાઈ ચગે પોતાની નવજીવન હોસ્પીટલમાં ગળા ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હતી. ડો.અતુલભાઈ ચગએ આત્મહત્યા કરતી વેળાએ એક સ્યુસાઈડ નોટ છોડેલ હતી. તેમાં સ્પષ્ટ જણાવેલું હતું કે હું નારણભાઈ તથા રાજેશભાઈ ચુડાસમાના કારણે આત્મહત્યા કરૂ છું. આવુ સ્પષ્ટપણે જણાવી અને નીચે પોતાની સહી કરેલ છે. આ સ્યુસાઈડ નોટને કાયદાકીય રીતે મરણોતર નિવેદન ગણી શકાય તેમ છતાં અત્યાર સુધી આ અંગેની એફ.આઈ.આર પોલીસ તંત્ર દ્વારા નોંધવામાં આવેલ ન હોય ઉપરોકત બાબતને અત્યંત ગંભીરતાથી લઈ ડો.અતુલભાઈ ચગને આત્મહત્યા કરવા મજબુર કરનાર ગુનેગારો સામે તાત્કાલીક ધોરણે એફ.આઈ.આર.નોંધી કડકમાં કડક કાર્યવાહી કરવા આમ આદમી પાર્ટી દ્વારા માંગ કરી જો તાત્કાલીક ધોરણે એફ.આઈ.આર. નહીં લેવામાં આવે તો આમ આદમી પાર્ટી દ્વારા અતિ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

પ્રિમીયમ ઓફીસ ફર્નીચર ઉત્પાદક ફેધરલાઈટએ અમદાવાદમાં રીટેઈલ સ્ટોર શરૂ કર્યો

અમદાવાદ તા. ૨૫

પ્રિમીયમ ઓફીસ ફર્નીચર ઉત્પાદક ફેધરલાઈટએ અમદાવાદમાં તેના એકસકલુઝીવ એકસપિરીયન્સ સેન્ટર અને રીટેઈલ સ્ટોરનો પ્રારંભ કર્યો છે. આ સ્ટોરમાં આરામદાયક અને એર્ગોનોમીક ખુરશીઓ, મોડયુલર વર્કસ્ટેશન્સ, સોફટ સીટીંગ, લુઝ ફર્નીચર, વર્કફોમ હોમ ફર્નીચર અને હાઈબ્રીડ વર્કીંગ ફર્નીચર તેમજ અન્ય ફર્નીચરની વિશાળ શ્રેણી જોવા મળશે.

અમદાવાદ સ્ટોરના પ્રારંભ સાથે ભારતમાં ફેધરલાઈટના સ્ટોર્સની સંખ્યા ૬૬ થઈ છે. તેનો એક સ્ટોર હાલ વડોદરામાં છે અને તે આ શેહરમાં વધુ એક સ્ટોર કરવા માંગે છે. આ ઉપરાંત સુરત અને રાજકોટમાં સ્ટોરની સ્થાપના કરીને ગુજરાતમાં તેની રીટેઈલ હાજરી વિસ્તારવાની યોજના છે.

ફેધરલાઈટ તેની અનોખી પ્રોડકટ દ્વારા ભારતની અગ્રણી ફર્નીચર ઉત્પાદક બનવાનું ધ્યેય ધરાવે છે જે કોલાબરેશનને પ્રોત્સાહિત કરીને કાર્યક્ષમતામાં વધારો કરે છે. અમારૂં ધ્યેય ઉચ્ચ ધોરણો ધરાવતું અને પર્યાવરણને ઓછામાં ઓછી અસર કરે તેવું એર્ગોનોમીક, આરામદાયક, પોસાય તેવું ફર્નીચર અને સ્પેસ સોલ્યુશન્સ પુરા પાડવાનું છે.

ફેધરલાઈટ બજારના નવા પ્રવાહોને અનુસરવા સતત ઈનોવેશનમાં માનેછે. તેની હાઈ એન્ડ સિસ્ટમ્સ અને પ્રોસેસીસ તેની સમગ્ર પ્રોડકટસ રેન્જમાં સતત ગુણવત્તાની ખાત્રી આપે છે. ફેધરલાઈટ ભારતના ઓફીસ ફર્નીચર સેગમેન્ટમાં ૨૦ ટકા હિસ્સો ધરાવે છે. ઓફીસ ફર્નીચર સેગમેન્ટમાં ઓર્ગેનાઈઝડ ફર્નીચર ઉત્પાદકોનો હિસ્સો ૩૦ટકા છે. જોકે લોકો વધુને વધુ પ્રમાણમાં બ્રાન્ડેડ પ્રોડકટ પસંદ કરતા થશે તો ફેધરલાઈટ જેવી ઓર્ગેનાઈઝડ કંપનીઓના હિસ્સામાં ખાતરીપુર્વક વૃધ્ધી જોવા મળશે.

ફેધરલાઈટ ૭ શહેરોમાં કંપનીની માલિકીના સ્ટોર ધરાવે છે અને ૪૦ શહેરોમાં તેના ડીલર શો રૂમ્સ આવેલા છે તે એમેઝોન અને ફલીપકાર્ટ જેવી ઈ-કોમર્સ સાઈટ મારફતે પણ ગ્રાહકો સુધી પહોંચી રહી છે.

ફેધરલાઈટ દેશમાં ૧૦ હજારથી વધુ ગ્રાહકો ધરાવે છે, તેના કેટલાક પ્રતિષ્ઠીત ગ્રાહકોમાં કોગ્નીજન્ટ, મર્સીડીઝ, હિન્દુસ્તાન, યુનિલીવર, કેટરપીલર, મર્સીડીઝ બેન્ઝ, ઓલા, અમેઝોન, એચસીએલ, ઈન્ફોસીસ, કેપીએમજી, વોડાફોન, રેડ ની, હનીવેલ, હુવેઈ, ઓરેકલ, ટેલી અને ઝેરોક્ષ તથા અન્ય ગ્રાહકોનો સમાવેશ થાય છે.

રવિવારે રાત્રે ૧ વાગ્યાથી હોળાષ્ટકનો પ્રારંભ, આ વર્ષે પૂનમના દિવસે ધુળેટી

ફાગણ સુદ સાતમ ને રવિવાર તા.૨૭-૨-૨૩ એટલે કે રવિવારની રાત્રીના ૧ વાગ્યાથી હોળાષ્ટકનો પ્રારંભ થશે જે ફાગણ સુદ ચૌદશ ને સોમવારે તા.૬-૩-૨૩ના દિવસે હોળી પ્રગટે એટલે પુરા થશે. આ વર્ષે પંચાગ પ્રમાણે તથા જયોતિષના ગ્રંથો પ્રમાણે નિયમ પ્રમાણે ફાગણ સુદ ચૌદશ ને સોમવારે તા.૬-૩-૨૩ ના દિવસે હોળી છે. અને ધુળટી ફાગણ સુદ પૂનમ ને મંગળવાર તા.૭-૩-૨૩ ના દિવસે છે. આમ આ વર્ષે હોળી ચૌદશના દિવસે અને ધુળેટી પૂનમના દિવસે એક દિવસ વહેલી મનાવવામાં આવશે.

હોળાષ્ટક એટલે હોળીના આઠ દિવસ અગાઉ જ ભકત પ્રહલાદને મારવાની તૈયારી કરવામાં આવેલી આથી હોળાષ્ટકને શુભ કાર્યોમાં અશુભ માનવામાં આવે છે. આ સમય દરમ્યાન લગ્ન વાસ્તુ જેવા શુભ કાર્યો થતા નથી પરંતુ હોળાષ્ટક દરમ્યાન જપ, સત્યનારાયણ ભગવાનની કથા, ચંડીપાઠ, લઘુરૂદ્ર, રૂદ્રી શુભ ફળ આપનાર બને છે.

ધુળેટી પછી લગ્નના છ મુહુર્તો છે. જેમાં (૧) તા.૮-૩-૨૩, (૨)૯-૩-૨૩, (૩) ૧૪-૩-૨૩ ત્યારબાદ ૧૪-૩-૨૩ થી મીનારક કમુહર્તાનો પ્રારંભ થશે જે તા.૧૪-૪-૨૩ ને શનિવાર સુધી ચાલશે. તા.૬-૩-૨૩ના દિવસે હોળી પ્રગટે એટલે હોળાષ્ટક પુર્ણ ગણાય.

– શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

બાલ પ્રતિભા શોધ અંતર્ગત

એકપાત્રીય અભિનયમાં કાલરીયા સ્કુલ જૂનાગઢની વિદ્યાર્થીની ત્રીજા ક્રમે

જૂનાગઢ તા.૨૫

ગુજરાત સરકાર શ્રી દ્વારા યોજાતી બાલ પ્રતિભા શોધ સ્પર્ધા દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજાયેલ છે. જેની શૃંખલામાં એકપાત્રીય અભિનય સ્પર્ધા ગત તા.૨૦-૨-૨૩ ને સોમવારના રોજ નવસારી મુકામે યોજાયેલ હતી. જેમાં ગુજરાતની વિવિધ શાળાઓના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમાં પટેલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ આર.એસ. કાલરીયા પ્રાયમરી સ્કુલ જૂનાગઢના અંગ્રેજી માધ્યમમાં ધો.૪ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની આંશી ઉજાસભાઈ વસાવડા ત્રીજા ક્રમે વિજેતા જાહેર થતા સ્કુલના પ્રમુખ સવજીભાઈ મેનપરા, વાઈસ ચેમેજીંગ ટ્રસ્ટી રતીભાઈ મારડીયા, એકેડેમીક ઈન્ચાર્જ ડો.પી.આર. ગોધાણી, કેમ્પસ ડાયરેકટર ડો.દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી, પ્રિન્સીપાલ આસ્થાબેન નાવાણી તેમજ સંસ્થાના અન્ય હોદેદારો તેમજ સમગ્ર સ્ટાફ ગણે આંશી વસાવડાને તેની સિધ્ધી બદલ અભિનંદના સાથે ઉજજવળ ભવિષ્યની શુભકામના પાઠવેલ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ગોલાધર શાળાઓમાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અને તમાકુ મુક્તિઅંગે વકતૃતવ, ચિત્ર સ્પર્ધા યોજાઇ

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ તાલુકાના ગોલાધર ગામમા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક આરોગ્યકેન્દ્ર મજેવડીના મેડીકલ ઓફિસર ડો. વાછાણી તથા MPHS વાઘેલાભાઈના માર્ગદશન હેઠળ ગોલાધર ગામે પ્રાથમિક અને માધ્યમિક શાળામાતા-૨૧/૨૨-૦૨-૨૦૨૩ ના રોજ વકતૃતવ અને ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ.જેમાં વિસ્તારના FHW બહેનતથા "આશા" બહેનો પણ ઉપસ્થિત રહેલ. જેમાં ગોલાધર ગામના MPHW(M) પી.એ.શેખ દ્વારા વિદ્યાર્થીઓને તમાકુ અને અન્ય જીવલેણ વ્યસન કે જેનાથી વ્યસની વ્યકિત પોતાને અને પોતાના સમાજ ને કેટલું નુકશાન પહોચાડે છે તે વિષે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. તમાકુ એક ધીમું ઝેર છે, આ ધીમું ઝેર માણસને એક ઝટકા માંમારી નથી નાખતું પણ ધીરે ધીરે તે માણસને કોતરી નાખી ખોખલું બનાવી નાખે છે. વ્યસની વ્યકિત પોતાની મહેનતની કમાણી વ્યસનમાં ખર્ચ કર્યે રાખે છે. પરિણામે પોતાના પરિવારજનોના વિકાસ માટે કશું કરી શકતો નથી.અને જયારે એને જ્ઞાન થાય છે ત્યારે ખુબજ મોડું થઈ ગયું હોય છે. તમાકુમાં લગભગ ૪૦૦૦ પ્રકારના હાનીકારક તત્વો જોવા મળેલ છે જે માનવ શરીર ને નુકશાનકારક હોય છે. તમાકુમાં નિકોટીન નામનું ઝેરી તત્વ હોય છે જે નાથી કેન્સર થાય છે. મોઢામાં થતા કેન્સર માંથી મોટાભાગના તમાકુ દ્વારા થાય તેવું જાણવા મળે છે. આજે આપણા સમાજ માં લોકો અને હવે તો ઘણી જગ્યાએ સ્ત્રીઓ પણ તમાકુનું સેવન કરતી જોવા મળે છે.જે આજના આપણા સભ્ય સમાજ માટે ખતરાની નિશાની સમાન છે.

તેથી આરોગ્ય વિભાગ દ્વારા વિસ્તારની શાળાઓમાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમ એટલા માટે જ રાખવાનું નક્કી કરવામાં આવેલ. કારણકે, આજનો વિદ્યાર્થી આવતી કાલનો એક જવાબદાર નાગરિક બની આપણા સમાજમા જે તમાકુ રૂપી ધીમું ઝેર ફેલાય રહ્યું છે,તેને અટકાવી શકે. માણસ આજે ધારે તો શું નથી કરી શકતો ? જો મંગળ ગ્રહ, ચંદ્ર સુધી પહોચી શકાય તો તમાકુનું વ્યસન શું કામ ના છોડી શકાય ? દ્રઢ નિર્ણય અને સારા માણસોના સત્સંગ થી ચોક્કસ તમાકુ મૂકી શકાય. આ દ્રઢ નિર્ણય સાથે વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજુ કર્યા. કાર્યક્રમના અંતે વકતૃતવ અને ચિત્ર સ્પર્ધામાં જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેઓને આરોગ્યપ્રદ પ્રોત્સાહન ઈનામ વિતરણ કરવામાં આવેલ અને દરેક વિદ્યાર્થી તમાકુ અને વ્યસનોથી મુકત રહેશે તેવી પ્રતિજ્ઞા લેવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમમાં ગોલાધર પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી અલ્કાબેન જાટીયા, માધ્યમિક શાળાના આચાર્ય શ્રીમતિ હંસાબેન રામાણી અને સાથી શિક્ષકો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા ઉત્સાહભેર સહકાર આપવામાં આવ્યો તે બદલ અભિનંદન અને આભાર વ્યકત કરવામાં આવેલ. તેવી અખબારી યાદીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મજેવડીના ડો.વાછાણીની યાદીમાં જણાવેલ છે.

પક્ષના કાર્યકરોને તો ભલે નથી સાચવી શકતા પરંતુ વેકેશનમાં છોકરાવને સાચવવા જ પડશે !

જૂનાગઢમાં જમીન જન્ય રોગ-જીવાત ઉપરનો રાજ્ય કક્ષાનો પરિસંવાદ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૫

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ અને પ્લાન્ટ પ્રોટેકશનએસોસીએશનઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે રાજય કક્ષાના એક દિવસીય "જમીન જન્ય રોગ-જીવાતનું સંકલિત નિયંત્રણ" ઉપર પરિસંવાદ તા.૨૪-૦૨-૨૦૨૩નારોજ ડો.વી.પી.ચોવટીયા, કુલપતિની અધ્યક્ષ સ્થાનેથી બોલતા જણાવ્યુ કે,જમીન જન્ય રોગ - જીવાતના કોઈપણ તબક્કા જમીનનીઅંદર રહેતા હોઈ વિવિધ સંકલિત નિયંત્રણ પદ્ધતિ દ્વારા અસરકારક નિયંત્રણ અને પાકોની પ્રતિકારકતા વધારવા માટે યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવા ભાર આપ્યો. ડો.એ.આર.પાઠકમુખ્ય મહેમાન તથા પૂર્વ કુલપતિ, જૂનાગઢ અને નવસારી કૃષિ યુનિવર્સિટીકહ્યું કે આ વિસ્તારના મુખ્ય પાકોમાં આવતા રોગ-જીવાતોના નિયંત્રણ માટે જૈવિક નિયંત્રકોના ઉપયોગ વધારી રાસાયણિક કીટનાશકોનો ઉપયોગ ઘટાડવા ઉપર ભાર મુક્યો.તથા અતિથીવિશેષ ડો.કે.બી.કથીરીયા, કુલપતિ આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ જણાવ્યું કે, પ્રવર્તમાન સમયમાં સૌરાષ્ટ્રવિસ્તારના મુખ્યપાકોમાં આવતા રોગો અને જીવાતોનો અસરકારક સામનો કરવા માટે સંકલિત નિયંત્રણપદ્ધતિઓ ખાસ કરીનેપ્રતિકારક જાતોના ઉપયોગ માટે પ્રોત્સાહન આપેલ હતું. ગુજરાતપ્રાકૃતિક-વ-સેન્દ્રીય કૃષિ યુનિવર્સિટીનાકુલપતિ ડો. સી.કે. ટીંબડીયાએ, રાજય અને દેશની એકમાત્ર પ્રાકૃતિક-વ-સેન્દ્રિય કૃષિ યુનિવર્સિટીની રૂપરેખાતથા તેમાં ચાલતા અભ્યાસક્રમો વિષે માહિતી આપી હતીતેમજ પ્રાકૃતિક કૃષિ કિટનાશ ઘટકોનો ઉપયોગ રોગ-જીવાત નિયંત્રણમાંઉપયોગ કરવા ભાર આપ્યો.આ પરિસંવાદમાં(છ) ૬ પ્રવર્તમાનરોગ અને જીવાતો ઉપર તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવેલ. આ પ્રસંગે પીપીએજી ગુજરાતના ડો.જે.જી. પટેલએ પીપીએજીનો પરિચય આપ્યો. તેમજ ૯ (નવ) ખેડૂતોને, બે બેસ્ટ થીસીસસ ધરાવતા વિદ્યાર્થીઓ તથા તેમના માર્ગદર્શકો અને જૈવિક જંતુનાશકોની પદ્ધતિઓ વિકસાવવા તથા આપણા વિસ્તારના રોગ - જીવાતના નિયંત્રણ કરવા માટે સારી ભલામણો આપવા માટે કિટકશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિયુનિવર્સિટી, જૂનાગઢનેપણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. આ પરિસંવાદમાં ડો.એચ.એમ.ગાજીપરા, સંશોધનનિયામક અનેવિસ્તરણ શિક્ષણ નિયામક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, ડો.એસ.જી.સાવલિયા આચાર્ય અને ડીન તથા ડો.એમ.એફ.આચાર્ય, જોનલ કોર્ડીનેટરઅને પ્રાધ્યાપક અને વડા, કિટકશાસ્ત્ર વિભાગ, તથા ડો.ડી.એસ.કેલૈયા, સહ જોનલ કોર્ડીનેટરએહાજર મહાનુભાવો, વૈજ્ઞાનિકો, ખેડૂતો અને વિદ્યાર્થીઓ, પ્રેસમિડીયાના પ્રતિનિધીઓ(કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા) સૌનું સ્વાગત કર્યુ. તેમજ છેલ્લે ડો.ડી.એસ.કેલૈયા, સહ જોનલ કોર્ડીનેટર, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગએ મહાનુભવોનો આભારમાન્યો હતો. આ પ્રસંગે ડો.મગનભાઈત્રાડા આચાર્ય સી.એલ.કોલેજ જૂનાગઢ ડો.બારસીયા, આચાર્ય બહાઉદ્દીન આર્ટકોલેજ, તંત્રી જૂનાગઢ ટુડેન કૃષ્ણકાંત રૂપારેલિયા હાજર રહી સોભામાં અભી વૃદ્ધિ કરી હતી. તમામ યુનિવર્સિટી અધિકારીઓ વિવિધ સમિતિઓના કન્વીનરઓ તથા સભ્ય હાજર રહેલ. તેમજ કીટકશાસ્ત્ર અને રોગ શાસ્ત્ર વિભાગના અધિકારી/ કર્મચારીઓએ આ પરિસંવાદ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

જૂનાગઢ ઉપલા દાતાર ખાતે પૂ. પટેલબાપુની પૂણ્યતિથિની ભાવભેર થયેલ ઉજવણી

મહાયજ્ઞ, સમાધિ પૂજન, મહાપ્રસાદ, સંતવાણી સહિતનાં કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૫

કોમી એકતાનાં પ્રતિક એવા ઉપલા દાતારની જગ્યા ખાતે જગ્યાનાં બ્રહ્મલીન મહંત પૂ. પટેલ બાપુની ગઈકાલે ૩૩મી પૂણ્યતિથિની પૂ. ભીમબાપુનાં સાંનિધ્યમાં ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મહાયજ્ઞ તેમજ પૂ. પટેલ બાપુની સમાધિનું પૂજન કરવામાં આવેલ હતું. મહાપ્રસાદનાં કાર્યક્રમ પણ યોજાયો હતો. અને દાતાર ભકતો અને દાતાર સેવકો આ તકે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં. વહેલી સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં અને રાત્રે ભજન સંધ્યાનાં કાર્યક્રમમાં નિરંજના પંડયા, બિરજુ બારોટ, શૈલેષ મહારાજ તથા મયુર દવે સહિતનાં કલાકારોએ સંતવાણીનાં સુર રેલાવ્યા હતાં. આ તકે જૂનાગઢનાં પૂર્વ મેયર જયોતિબેન વાછાણી, એસાઓજીનાં પીઆઈ એ.એમ. ગોહીલ, પીએસઆઈ વી.કે. ઉંજીયા, ફોરેસ્ટર બી.એ. શીલુ, અકીલાનાં પત્રકાર વિનુભાઈ જોષી સહિત નાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.

માંગરોળનાં બામણવાડા ગામે વિવિધ કેમ્પો યોજાયા

બ્લડ ડોનેટ કેમ્પ તેમજ આયુર્વેદિક અને હોમયોપેથી દવાનાં કેમ્પનો લોકોએ લીધો લાભ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૨૫

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના બામણવાડા ગામે યદુનંદન શૈક્ષણિક સંકુલના પટાંગણમા સ્વ. મુળુભાઈ કાનાભાઈ રામ તેમજ સ્વ. દિનેશભાઈ રામભાઈ રામના સ્મરણાર્થે બ્લડ ડોનેશન કેમ્પ તેમજ આયુર્વેદિક અને હોમીયોપેથી સારવાર તથા નિદાન કેમ્પનુંઆયોજન કરવામાં આવેલ હતું. ઈન્ડિયન ઓઈલ વાસુદેવ પેટ્રોલિયમના સહકાર સાથે રક્તદાન શિબિરમાં આશરે ૮૦ બોટલલોહી એકઠું થયેલછે.જેમાં જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીવિપુલ અનેઅન્ય આગેવાન તથા યુવા મિત્રો, ભાઈ-બહેનોએ કોઈને ઉપયોગી થવા રક્તદાન કર્યું હતું. જ્યારે આયુર્વેદ અને હોમીયોપેથી વિભાગમાં બહોળી સંખ્યામાં ૨૦૦થી પણ વધુ લોકોએ આ કેમ્પનો લાભ લીધેલ હતો. આ કેમ્પમાં સરકારી ડોક્ટઓમાં ડો. અજયભાઈ પીઠીયા, ડો. નિરવ સોંદરવા, ડો. નિયુત અગ્રાવત, ડો. પી.બી. દલસાણિયા દ્વારા જરૂરીયાત મંદ લોકોને મફત નિદાન તથા મફત દવાની સારવાર સાથે લાભ મળેલ છે. દર વર્ષે ૨૨ ફેબ્રુઆરીના રોજ જુદા જુદા આયોજનો થતા હોય છે. જેમાં પશુ નિદાન કે મેડિકલ સારવાર તથા નિદાન કેમ્પ, નેત્ર, રક્તદાન કેમ્પ ઓપન સૌરાષ્ટ્ર વોલીબોલ તથા ક્રિકેટ ટુર્નામેન્ટ તેમજ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિ દ્વારા લોકો ઉપયોગી કાર્યો કરવામાં આવે છે. આ કેમ્પમાં સંસ્થાના પ્રમુખ કાનભાઈ રામના માર્ગદર્શન હેઠળ પિયુષભાઈ રામ, વેજાભાઈ પીઠીયા, વિરમભાઈ, ગોવિંદભાઈ, દક્ષાબેન અને આચાર્યઓ તથા સ્ટાફ ગણની જહેમતથી કાર્યક્રમ સફળ થયેલ છે.

માંગરોળ સીટી સર્વે કચેરીમાં કામોનાં નિકાલ ન થતા લોકોને મુશ્કેલી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૨૫

માંગરોળસીટી સર્વેકચેરીના મેન્ટેનન્સ સર્વેયરને જમીન માપણી માટે મુકાતા તેની અવેજીમાં અઠવાડીયામાં એક દિવસ માટે ચાર્જમાં મુકાયેલા વંથલીના સર્વેયર દસ દિવસબાદ આવી કચેરીના કોમ્પ્યુટર ઉપર વંથલી કચેરીનું પેન્ડિંગ કામ કરી પાંચ કલાકમાંપરત ચાલ્યા જતાં માંગરોળ કચેરીના પેન્ડીગ કામોનોનિકાલ અટકી પડ્યોછે. માંગરોળ શહેરની સીટી સર્વે કચેરીમાં નોંધાયેલ નવેક હજાર જેટલી મિલ્કતોની ફેરફાર નોંધો, માપણી, અપીલો, રીમાન્ડ કેશો, કોર્ટ કેસો, પ્રોપર્ટી કાર્ડની નકલો, એસ.આઈ પેટરોની નકલો, નક્શાની નકલો, ઠરાવોની નકલો, ટીપ્પણની નકલો મેળવવાની અરજીઓ સહિતની વિવિધ કામગીરી માટે બે મેન્ટેનન્સ સર્વેયરો અને બે પીયુનનું મહેકમ મંજૂર થયેલ છે. જેમાં એક સર્વેયરની જગ્યા લાંબા સમયથી ખાલી છે. જ્યારે બે પીયુનની જગ્યાઓ રદ કરી આઉટ સોર્સિંગથી એકની નિયુક્તિ કરાઈ છે. ઉપરાંત શહેર તથા ગ્રામ્ય બીનખેતી થયેલી સોસાયટીઓને પણ સીટી સર્વે કચેરીમાં સમાવી લેવાતા આવી પાચેક હજાર પ્લોટો વાળી મિલ્કતોની કામગીરી નો વધારાનો વર્ક લોડ રહેતો હોય વિવિધ કામગીરી લગતની અરજીઓના થપ્પા લાગ્યા છે. તેવા સમયે ફરજ ઉપર રહેલા એક માત્ર સર્વેયરને ગાંધીનગર એક અઠવાડીયાની તાલીમમાં જવાનું થયા બાદ પરત આવતા તેનો રીસર્વેની માપણીની કામગીરી માટે ઓર્ડર થતાં ચાર્જમાં વંથલીના મેન્ટેનન્સ સર્વેયરને અઠવાડિયામાં એક દિવસ ગુરૂવાર માંગરોળ માટે ઓર્ડર થયો હતો. આજે દસ દિવસબાદ આઈનચાર્જ સર્વેયર કચેરી સમય શરૂ થયાના સવા બે કલાક બાદ માંગરોળ કચેરીએ આવી કોમ્પ્યુટર ઉપર અત્રેની પેન્ડીંગ રહેલ ઓનલાઈન ફેરફાર નોંધો દાખલ કરવાને બદલે વંથલી કચેરીની પેન્ડિંગ નોંધોનુ કામ કરી સાંજના પરત ચાલ્યા જતા અત્રેની કચેરીએ છેલ્લા એક માસથી પેન્ડિંગ રહેલ સો જેટલી ફેરફાર નોંધોની ફાઈલો તથા આટલી જ મીલ્કત માપણીની અરજીઓની કામગીરી વધુ એક અઠવાડીયા સુધી લંબાઈ જવા પામેલછે.

કોડીનારના શેઢાયા ગામની યુવતી ઉપર દુષ્કર્મ પાંચ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ

(મુગલઅલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૫

કોડીનાર તાલુકાના શેઢાયા ગામની યુવતી ઉપર વીઠલપુર ગામના શખ્સે તેના અન્ય મિત્રોની મદદગારીથી દુષ્કર્મ ગુજાર્યાની ફરીયાદ કોડીનાર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

આ અંગે પીડિતાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ પીડિતા ખેતરમાં કામ કરી રહીહતી ત્યારે ગુરૂ ઉર્ફે ધીરૂ રામ વાજા અને ભોલો ઉર્ફે હિમાંશુ રમેશ ગોઢાનીયાએ ખેતરમાં આવી યુવતીને બોલાવી વેફર ખવડાવી છરી બતાવી મારમારી ધાક ધમકી આપી મોટર સાઈકલમાં બેસાડી વીઠલપુર નદી પાસે આવેલ ઓરડીમાં લઈ જઈ ત્યાં હાજર રહેલ ગુરૂ ઉર્ફે ધીરૂરના મિત્રો નરેશ, પરેશ અને દિનેશએ પીડિતાને ભૂંડી ગાળો કાઢી ગુરૂ ઉર્ફે ધીરૂ રામે યુવતીને ઓરડીમાં સુવડાવી તેના કપડા કાઢી નગ્ન કરી બળ જબરી પૂર્વક મરજી વિરૂધ્ધ શરીર સંબધ બાંધી જાનથી મારી નાખવાની ધમકી આપી વહેલી સવારે મોટર સાઈકલમાં બેસાડી કોડીનાર બસ સ્ટેન્ડ લઈ જઈ પીડિતાને બસમાં બેસાડી મોરબી ભગાડી લઈ ગયાની ફરીયાદ પીડિતાએ નોંધાવતા કોડીનાર પોલીસે ગુરૂ ઉર્ફે ધીરૂ રામ વાજા, ભોલો ઉર્ફે હિમાંશુ રમેશ ગોઢનીયા, નરેશ, પરેશ અને દિનેશ રહે.બધા વીઠલપુર વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચંદ્રભાગા માતાજી મંદિરે છપ્પનભોગ મનોરથ યોજાયો

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૫

દ્વારકા નજીક બરડીયા ગામ ખાતે ચંદ્રભાગા માતાજી મંદિરે ચાલી રહેલ શતચંડી મહાયજ્ઞના અંતિમ દિવસે ચંદ્રભાગા માતાજીનો છપ્પન ભોગ મહામનોરથ યોજવામાં આવ્યો હતો. તેમજ ધ્વજા આરોહરણ કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

માણાવદરમાં સ્વામીનારાયણ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૫

માણાવદર શહેરમાં બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થામાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં દોઢ કિમી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ૮ હજારથી વધુભાવિકભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ૪ વિઘા જમીન રોડ ટચ અતિ ભવ્ય ત્રિશિખર મંદિરનું નકક્ષી કામ જે સારંગપુર ખાતે નકશી કામ થયેલ હતું. આ મંદિરમાં મૂર્તિઓ તથા ગુરૂપરંપરા મુજબ સંતો દ્વારા બિરાજમાન કરાઈછે. આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા પૂ. જ્ઞાનેશ્વર સ્વામી (કોઠારીશ્રી સારંગપુર) તથા અક્ષરચરણ સ્વામી (સારંગપુરવાળા)એ કરી હતી. આ તકે ૭૦ સંતો પધાર્યા હતાં અને દબદબાભેર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો તેમ સ્વામી કલ્યાણ મૂર્તિદાસજીએ જણાવ્યું હતું.

જિલ્લા પંચાયત રાજકોટ ખાતે એનીમિયામુક્ત ભારત અભિયાન અંતર્ગત તાલીમ અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૫

જિલ્લા પંચાયત રાજકોટ ખાતે ન્યુટ્રીશન ઈન્ટરનેશનલ ટીમદ્વારાએનીમિયા મુક્તભારત અભિયાન અંતર્ગત જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ અનેકર્મચારીઓને સપ્લાય ચેઈન મેનેજમેંટની તાલીમ આપવામાં આવી હતી. જેમાંજિલ્લાના તમામતાલુકાના તાલુકા હેલ્થ ઓફિસરઓ, તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ સેન્ટરના ફાર્માસિસ્ટ તથા તાલુકા પ્રોગ્રામ આસિસ્ટન્ટ સામેલ થયા હતા. તાલીમમાં એનીમિયા મુક્ત ભારત અભિયાન અંતર્ગત એક પણ જરૂરિયાતમંદ લાભાર્થી IFA (આયર્ન ફોલિક એસિડ) ટેબલેટથી વંચિત ન રહે તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. IFA (આયર્ન ફોલિક એસિડ) ટેબલેટ એ જુદી જુદી કેટેગરી પ્રમાણે જુદા જુદા ડોઝમાં કલર કોડ પ્રમાણે આપવામાં આવે છે. જેમાં (૧) ૬ માસ થી ૫૯ માસના બાળકો, (૨) ૫ થી ૯વર્ષના બાળકો, (૩)૧૦ થી ૧૯વર્ષના બાળકો, (૪) સગર્ભા અને ધાત્રી માતા (૫) વલ્નરેબલ ગ્રુપને IFA ટેબલેટ આપવામાં આવે છે. IFA Red ટેબલેટ સગર્ભાઅનેધાત્રી માતાનેઆપવા આવે છે. IFA Blue ટેબલેટ સ્કૂલે જતાં તરૂણ બાળકોને આપવામાંઆવે છે.IFA Pink ટેબલેટ ૫ થી ૯ વર્ષના શાળાએ જતા અને શાળાએ ન જતા બાળકોને આપવામાં આવે છે. જ્યારે IFA Syrup એ ૬ થી ૫૯ મહિનાના બાળકોને આપવામાં આવે છે. આ તાલીમ આર.સી.એચ.ઓ. ડો. પી.કે. સિંગના માર્ગદર્શન હેઠળ આપવામાંઆવી હતી.

રાજકોટ જિલ્લા બાગાયત વિભાગ દ્વારા અકાળામાં સવાસો ખેડૂતોને અપાઈ સજીવ ખેતીની

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૫

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના અકાળા ગામમાં ખેડૂતો માટે ૨૪મી ફેબ્રુઆરીએ સજીવ ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂત ભાઈઓ-બહેનો મળીને ૧૨૫ જેટલા લોકો જોડાયા હતા. સમગ્ર ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી કરવા ઉપર ખેડૂતોનો ઝોક વધી રહ્યો છે. રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહન આપે છે. ઉપરાંત વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય તે માટે તાલીમ પણ આપવામાં આવે છે. રાજકોટ જિલ્લા નાયબ બાગાયત નિયામક આર.કે. બોઘરાના વડપણ હેઠળ આ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જીવામૃત, સંજીવામૃત વગેરે કેમબનાવવા તેની પ્રત્યક્ષ તાલીમ અપાઈ હતી. આ સાથે પ્રાકૃતિક ખેતીથી કેવા કેવા ફાયદા થાય છે તેની માહિતી અપાઈ હતી. મહત્ત્વનું છે કે, સજીવ ખેતી બિલ્કુલ સામાન્ય કે નજીવા ખર્ચમાં થાય છે, જેનાથી ખેડૂતોને ખેતીનો ખર્ચ ઘણો ઘટી જાય છે. આ તકે ખેડૂતોને સજીવ ખેતી અંગે મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પણ કરવામાં આવ્યું હતું. બોઘરાએ ગુજરાત સરકારના બાગાયત ખાતાની સહાય લક્ષી યોજનાઓ અંગે ખેડૂતોને માહિતી આપીને, તેનો લાભ લેવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરથી બાગાયત નિયામક ડો. પી.એમ.વઘાસિયા ઓનલાઈન જોડાયા હતા અને ખેડૂતોને સજીવ ખેતી તરફ વળવા આહવાન કર્યું હતું. અકાળા ગામમાં પહેલી વાર આંબાનું વાવેતર કરનાર પ્રગતિશીલ ખેડૂત કાનજીભાઈ વણપરિયાને બાગાયત વિભાગ તરફથી ઘનિષ્ઠ વાવેતર સહાય અંતર્ગત રૂપિયા ૨૪,૭૨૪ની ચૂકવાયેલી સહાય અંગે પણ ખેડૂતોને માહિતી અપાઈ હતી. ઉપરાંત ખેડૂતોને બાગાયત વિભાગની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ લેવા પણ જણાવાયું હતું. જ્યારે જેતપુર તાલુકા વિસ્તરણ અધિકારી નરેન્દ્રભાઈ બોરડે ખેતીવાડીની વિવિધ યોજનાઓ માટે આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમથી ખેડૂતો સજીવ ખેતી તેમજ ગુજરાત સરકારની વિવિધ કૃષિ કલ્યાણલક્ષી યોજનાઓથી માહિતગાર થયા હતા.

જૂનાગઢની જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલમાં થેલેસેમિયા 'વેલનેસ સેન્ટર' સ્થાપવા માટે હસ્તાક્ષર કરાયા

(અનુ.પાના નં. ૮નું ચાલુ...)

જેનાથી માર્ચ ૨૦૨૨થી હોસ્પીટલમાં વધારાની ૨૭૦ ઓકિસજનયુકત પથારીઓ બનાવી છે. સમગ્ર પશ્ચિમ સૌરાષ્ટ્ર વિસ્તારનાં ગરીબ દર્દીઓ માટે જીએમઈઆરએસ હોસ્પીટલની જીવનરક્ષક ભૂમિકા ભજવવાની ક્ષમતાને આગામી ૧૫ વર્ષ માટે વધારવામાંઆવી છે.

આરએએફ ગ્લોબલ માટે જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલનાં નિર્ણાયક જીવનરક્ષક માળખાને પ્રોત્સાહન આપવા માટે વેલનેસ સેન્ટરરૂપેઆ બીજોમોટો સહયોગછે. વારંવાર લોહી ચઢાવવા માટે હોસ્પીટલની મુલાકાત લેનારા થેલેસેમિયાનાં દર્દીઅની વેદનાને હળવી કરવાનો આ પ્રયાસ છે.થેલેસેમિયા વેલનેસ સેન્ટર એઆરએએફ ગ્લોબલ દ્વારા ત્રીજા સ્તર (ટાયર-૩)નાં શહેરોમાં જીલ્લા સ્થરે જાહેર આરોગ્ય સંભાળ વિતરણ પ્રણાલીને મજબુત કરવા માટેની વિસ્તૃત પ્રતિબધ્ધતા છે.આ સેન્ટરમાં સ્થાનીક શહેરોનાં અસરગ્રસ્ત દર્દીઓ સ્થનાનીકસ્તરેજ અસરકારકતબીબી સારવાર મેળવી શકેછે.

ભારતમાં આરએએફ ગ્લોબલ, ગરીબ સમુદાયો માટે આરોગ્ય સંભાળ સેવાઓ સુલભ અને સસ્તી બનાવવા માટે, જીલ્લા સ્તરની હોસ્પીટલોથી માંડીને સૌથી નીચા સ્તરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી) સાથે મળીને કામ કરે છે. વધુમાં ભારતમાં આરએએફ ગ્લોબલે ભારતનાં દૂરનાં વિસ્તારોમાં કેન્સર અને રકતપિત્તનાં દર્દીઓને ટેકો આપવા માટે સક્રિય પહેલ કરી છે અને થેલેસેમિયા જેવા રોગથી પીડાતા દર્દીઓ અને શસ્ત્રક્રિયાઓ કરાવતા દર્દીઓ માટે સુરક્ષિત રકત ઉપલબ્ધ કરાવ્યુંછે. ફાઉન્ડેશન બ્લડ બેંકોનાં વ્યાપક નેટવર્કને સમર્થન આપે છે અને ગુજરાતમાં રોટરી ક્લબ અને રેડક્રોસ સોસાયટી સાથે કામ કરે છે.

આરએએફ ગ્લોબલે કોવિડ-૧૯ મહામારીની બીજી લહેર દરમ્યાન પણ જૂનાગઢજીલ્લાનાં માળીયા હાટીના, માંગરોળઅને કેશોદ તાલુકાનાં સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ને ઓકિસજન સિલીન્ડર, ઓકિસજન કોન્સન્ટ્રેટર તથા અન્ય તબીબી સાધનો પુરા પાડીને સહયોગ પુરો પાડયો હતો. આ ઉપરાંત ભારતમાં આરએએફ ગ્લોબલે તેનાં ભૌગોલિકરીતે નિર્ધારીત રાજયોમાં આરોગ્યસંભાળ, પોષણ, શિક્ષણ, ટકાઉ આજીવિકા અને સુશાસન જેવા મુખ્ય ક્ષેત્રોની આસપાસ લાંબા ગાળાનું, વ્યુહાત્મક અને પધ્ધતિસરનું રોકાણ કર્યુછે.

આથી રસ ધરાવતાં તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, જિલ્લા શિક્ષણ સમિતિ, જૂનાગઢ હસ્તકની શ્રી બીલખા કુમાર પે સે. શાળામાં જર્જરીત ૪(ચાર) ઓરડાઓ નો ઉભો ઈમલો જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં નીચેની શરતોને આધીન રહી વેચાણ કરવા માટે આ જાહેરાત પ્રસિધ્ધ થયાનાં ૧૦ દિવસ સુધીમાં બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે.

તાલુકો	ગામનું નામ/ પ્રા. શાળાનું નામ	ડીમોલેશન પાત્ર રૂમની સંખ્યા	અપસેટ કિંમત	બાનાની રકમ
જૂનાગઢ	શ્રી બીલખા કુમાર પે સે. શાળા તા.જિ.જૂનાગઢ	૪	૧૦૩૯૧૮ /-	૧૦૦૦૦/-

નોંધ : મિલ્કત જોવા માટે શનિવાર,રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦ વાગ્યા સુધી રૂબરૂ મૂલાકાત લઈ શકાશે.
(૧) ભાવ પત્રકો રજી.એ.ડી.થી ઉપરના સરનામે મોકલવાના રહેશે. રજી.એ.ડી. થી મોકલવામાં આવેલ ભાવ પત્રકો સાથે બાનાની રકમ માન્ય જ માન્ય રહેશે. કવર પર પાટી એ પોતાનો મોબાઈલ નંબર અવશ્ય લખવો.
(૨) બાનાની રકમ રૂબરૂ જમા કરાવવાની રહેશે. જેની બાનાની રકમ જમા થઈ હશે તેના જ ભાવપત્રકો માન્ય રહેશે.
(૩)આવેલ ભાવ પત્રકોના કવર તારીખ ૦૯/૦૩/૨૦૨૩ ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.
(૪) આ સિવાય અન્ય શરતો સ્થળ પરથી જાણવા મળશે.
આ જાહેર વિજ્ઞપ્તી ચાલુ રાખવી, બંધ રાખવી કે કોઈ ભાવ માન્ય કરવાના અબાધિત અધિકાર શાળાની એસ. એમ. સી.ને રહેશે.
આચાર્ય
શ્રી બીલખા કુમાર પ્રા.શાળા

માહિતી/જૂના/૧૦૭૬/૨૦૨૩

:: અવસાન નોંધ ::

જૂનાગઢ : અતુલભાઈ મનુભાઈ રાવલ (બીજેપી જૂનાગઢનાં પૂર્વ કાર્યાલય મંત્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં પૂર્વ સેનેટ મેમ્બર, જૂનાગઢ શિક્ષક સંઘનાં પૂર્વ પ્રમુખ) તે મનુભાઈ પોપટભાઈ રાવલનાં સુપુત્ર, ચેતનાબેનનાં પતિ તા. ૨૩-૨-૨૩ ગુરૂવારનાં રોજ કૈલાશવાસી થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા તા. ૨૭-૨-૨૩ સોમવારે સાંજે ૫ થી ૭ ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, ગાંધીગ્રામ ફાટક પાસે, જૂનાગઢ ખાતે રાખેલછે. મોહિત રાવલ-મો. નં. ૯૬૩૮૯૨૪૭૫૭.

નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજુ કરેલા

નાણાકિય વર્ગ ૨૦૨૩-૨૪ના અંદાજ પત્રીય બજેટ અંગે જૂનાગઢના વરીષ્ઠ અગ્રણીઓના પ્રતિભાવો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ, તા.૨૫

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને તેમની સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગઈકાલે વિધાનસભા ગૃહમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે બજેટ રજુ કરવામાં આવેલ હતું. ગુજરાતના વિવિધ ક્ષેત્રોના વિકાસ માટે તેમજ સર્વંગી સમાજને હિતકારી આ બજેટમાં કોઈ નવા કરવેરાની જાહેરાત કરવામાં આવી નથી. ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું ગુજરાતનું આ આત્મનિર્ભર બજેટ ગણાવામાં આવી રહ્યું છે. જૂનાગઢ શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ દ્વારા આ બજેટ અંગે પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા.

ગુજરાતના સર્વાંગી વિકાસને વેગ મળે તે માટેનું બજેટ છે તેમ જણાવી બજેટને આવકારતા મહાસાગર ટ્રાવેલ્સન એમ.ડી. કાળુભાઈ સુખવાણી

જૂનાગઢના લાડી લોહાણા સિંધી પંચાયતના પ્રમુખ તેમજ જાણિતા ઉદ્યોગપતિ અને મહાસાગર ટ્રાવેલ્સના મેનેજીંગ ડીરેકટર શ્રી કાળુભાઈ સુખવાણીએ ગઈકાલે ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા જે બજેટ રજુ કરવામાં આવેલ છે તે બજેટને આવકાર્યું હતું અને આ બજેટમાં ગુજરાતના વિવિધ વિકાસને લગતા પ્રશ્નોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. એટલું જ નહીં સમાજના જરૂરીયાતવાળા વર્ગને પાયાની સુવિધાઓ સાથે સામાજીક સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ ઉપરાંત ગીર વિસ્તારમાં વધુ બે લાયન સફારીના વિકાસ, કેશોદ એરપોર્ટનો વિકાસ, દ્વારકા ખાતે નવું એરપોર્ટ, કચ્છની તર્જ ઉપર રાજયમાં નવા ટેન્ટ સીટીનો વિકાસ તેમજ સ્ટેચ્યુઓફ યુનિટીમાં વિકાસ કાર્યો માટે ફાળવણી, વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ, અનુસુચિત જાતિ તેમજ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને સહાય, વૃધ્ધ પેન્શન યોજના, કુંવરબાઈનું મામેરૂ યોજના આ ઉપરાંત અનેક વિકાસશીલ કાર્યોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાતના પ્રવાસન સહીતના અનેક વિકાસ કાર્યોને વેગ મળશે એટલું જ નહીં વિકાસનો ગ્રાફ સતત ઉચે જશે અને સર્વાંગી વિકાસને એક ચોકકસ ગતી મળશે તેવું બજેટ નાણામંત્રીશ્રીએ રજુ કર્યું છે ત્યારે આ બજેટ આવકારને પાત્ર છે અને નવા કોઈ કરવેરા વિનાના બજેટ રજુ કરવા બદલ ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ બજેટ રજુ કરનાર નાણામંત્રી કનુભાઈ દેસાઈને જૂનાગઢ મહાસાગર ટ્રાવેલ્સના એમડી કાળુભાઈ સુખવાણીએ અભિનંદન પાઠવેલ છે.



ગુજરાત સરકારના વિકાસલક્ષી બજેટને આવકારતા પ્રદિપભાઈ ખીમાણી



કોરોનાની મહામારી બાદ તાજેતરમાં જ યોજાયેલ ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ૧૮૨માંથી ૧૫૬ સીટી મેળવી પ્રચંડ અને એતિહાસિક વિજય બાદ ગુજરાતની ભારતીયજનાતા પર્ટીની યશસ્વી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ચાલતી ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ નાણામંત્રી તરીકે બીજી વખત અને નવી સરકારના નાણામંત્રી તરીકે પ્રથમ વખત રજુ કરેલ. બજેટનો જાણીતા શિક્ષણવીદ, અર્થશાસ્ત્રી, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાના ડીરેકટર પ્રદિપભાઈ ખીમાણીએ આવકારી ગુજરાત સરકારનો ખેડૂત લક્ષી, ગરીબ લક્ષી, યુવા વર્ગને ઉપયોગી, શ્રમજીવી માટે કલ્યાણકારી અને સમાજના તમામ વર્ગોની સુખાકારીમાં વધારો કરનારા બજેટનો આવકારી ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યા છે. આ બજેટના કારણે રોજગારીમાં વધારો થશે. ઔદ્યોગિક અને ખેત ઉત્પાદન વધશે.

લોકોની સુખાકારી વધશે. ગુજરાત રાજયના વિકાસમાં વધુ ગતી આવશે અને ગુજરાત રાજય દેશનું ગ્રોથ એન્જીન બની રહેશે તેમ જણાવી આ બજેટને પ્રદિપભાઈ ખીમાણીએ આવકારેલ છે અને વધુમાં ૨૦૨૨થી ગુજરાત રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા બજેટનો લાલ પોથીમાં લાવવાની પરંપરા શરૂ કરાય હતી જે આ વર્ષે જાળવી રાખવામાં આવી છે તેમ જણાવી પ્રદિપભાઈ ખીમાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત સરકારનું બજેટ વિકાસ શીલ છે

ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ગઈકાલે વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ રજુ કર્યું હતું. આ બજેટનો આમ જનતા અને અગ્રણીઓમાંથી પ્રતિભાવ મળી રહ્યા છે જેમાં જૂનાગઢના જાણીતા એડવોકેટ અને નોટરી ભરતભાઈ રાવલે આ બજેટને સર્વાંગી વિકાસ સમુ ગણાવ્યું હતું તેમજ વિવિધ વિકાસશીલ કાર્યો તેમજ સમાજના વિવિધ વર્ગના લોકોને માટે પણ સહાયક અને ઉપયોગીસાબીત થનારૂ આ બજેટ ગુજરાતસરકારની વિકાસયાત્રામાં સહયોગ આપનારૂ બની રહશે અને કોઈપણ જાતના વધારાના કરબોજ વિનાનું આ બજેટ રજુ કરવા બદલ આવકારી અને અભિનંદન પાઠવેલ છે.

ગુજરાત સરકારનું બજેટ નિરાશાજનક અને મધ્યમ વર્ગના લોકોની આશા ઉપર પાણી ફેરવનારૂ

ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ગઈ કાલે વર્ષ ૨૦૨૩-૨૪નું અંદાજ પત્રીય બજેટ રજુ કરેલ છે. આ બજેટમાં અનેકજોગવાઈ કરવામાં આવી છે. પરંતુ એકંદરે જોતા આ બજેટમાં મધ્યમ વર્ગના લોકોને માટે નિરાશાજનક બજેટ હોવાનું જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડાએ જણાવ્યું હતું. એટલું જ નહીં તેમણે જણાવ્યું હતું કે, બજેટ ઉપર ગુજરાતની જનતાની અનેક અપેક્ષા હતી ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના લોકો, ખેડૂતો, બેરોજગારો વગેરેએ જે અપેક્ષાઓ રાખી હતી તે અપેક્ષાઓ ઉપર પાણ ફરીવળ્યું છે. આ બજેટમાં કર્મચારીઓને માટે કોઈ લાભકારી યોજના નથી, મોંઘવારી ઘટાડવાનું કોઈ આયોજન નથી, ખેડૂતો માટેની કોઈ વિશેષ યોજના નથી. આમ ગરીબ વર્ગ, બેરોજગાર ખેડૂતો અને ખાસ કરીને મધ્યમ વર્ગના લોકોને માટે ગુજરાત સરકારનું આ બજેટ નિરાશાજનક અને અપેક્ષાઓ ઉપર પાણી ફેરવાનારૂ છે તેમ વી.ટી.સીડાએ જણાવ્યું હતું.

ગુજરાત સરકારનાં બજેટને આવકારતા બારએસોસીએશના પ્રમુખ ભાવેશ ઝીંઝુવાડીયા

ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ગઈકાલે વિધાનસભા ગૃહમાં નાણાંકીય વર્ગ ૨૦૨૩-૨૪ના બજેટને રજુ કરવામાં આવેલ છે. આ બજેટ સર્વને માટે આવકારદાયક એટલું જ નહીં સમાજના દરેક વર્ગને સ્પર્શતું આ બજેટ છે. આ બજેટમાં નવા કોઈ કરવેરાની જાહેરાત પણ કરવામાં આવી નથી અને આ બજેટમાં અનેક વિકાસ કાર્યોને વેગ મળે તે માટેનું આયોજન કરવામાં આવેલ છે તેમ જણાવી ગુજરાત સરકારના આ બજેટને જૂનાગઢ બાર એસોસીએશનના પ્રમુખ ભાવેશ ઝીંઝુવાડીયાએ આવકારી અને નણામંત્રી કનુભાઈ દેસાઈ અને ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યા છે.

જૂનાગઢની જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલમાં થેલેસેમિયા 'વેલનેસ સેન્ટર' સ્થાપવા માટે હસ્તાક્ષર કરાયા

વેલનેસ સેન્ટરમાં ૧૦ પથારીઓ, ૨૦ બ્લડ ટ્રાન્સફયુઝન સ્ટેન્ડ તથા બાળ-દર્દીઓની ઉંમરને અનુરૂપ રમતનાં સાધનો અને પુસ્તકાલય પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે

(તસ્વીર : ધર્મેશ ખાચર)

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૫

થેલેસેમિયા એ રકત સંબંધિત, આનુવંશિક ડિસઓર્ડર છે, જેમાં દર્દીનું શરીર પુરતા પ્રમાણમાં લાલ રકત કણો ઉત્પન્ન કરવામાં અસમર્થ હોય છે. તેથી જીવત રહેવા માટે વારંવાર બ્લડ ટ્રાન્સફ યુઝનની જરૂર પડે છે, બીટા થેલેસેમિયા ભારતમાં નોંધપાત્ર સ્વાસ્થ્ય બોજ છે. આપણી ૧.૩૮ અબજ લોકોની વૈવિધ્યસભર વસ્તીમાં, બીટા થેલેસેમિયાનાં ૩ કરોડ ૫૦ લાખથી ૪ કરોડ ૫૦ લાખ વાહનો છે. દર વર્ષે અંદાજે ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ થેલેસેમિયા મેજર દર્દીઓ જન્મી રહયા છે. આ રોગ બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને વૃધ્ધોને ચુપચાપ મારી રહયો છે, કારણ કે અત્યંત ઓછી જાગૃતિ, રોગની નબળી તપાસ, સેવાઓ સુધી પહોંચાડવા માટેની પહેલનો અભાવ, અને ભારતમાં રોગનાં પ્રસાર વિષે યોગ્ય રેકોર્ડનો અભાવ છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા 'આરએએફ ગ્લોબલ'એ જૂનાગઢ અને નજીકનાં જીલ્લાઓમાં થેલેસેમિયાનો મુદો હાથ ધરવાનાં પ્રથમ પગલા તરીકે 'થેલેસેમિયા વેલનેસ સેન્ટર'ની સ્થાપના કરવા માટે 'જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલ જૂનાગઢ' સાથે લાંબા ગાળાની ભાગીદારી કરી છે. 'આરએએફ ગ્લોબલ' એ એક ખાનગી, બિન સાંપ્રદાયિક, બિન-નફાકારક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે મુખ્યત્વે આફ્રીકા અને એશિયામાં પસંદગીનાં દેશોમાં જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબધ્ધ છે. ૨૦૧૫થી કાર્યરત, આરએએફ ગ્લોબલ ભારતમાં ભારતીય કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૮ હેઠળ નોંધાયેલ છે. ભારતનાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઝારખંડ રાજયમાં લાંબા ગાળાનાં હસ્તક્ષેપ સાથે, તે બહુક્ષેત્રીય કાર્યક્રમો દ્વારા ૭ લાખથી વધુ લોકો સુધી પહોંચે છે.

૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ આંતરરાષ્ટ્રીય સંસ્થા 'આએએફ ગ્લોબલ'ના ચીફ ઓપરેટીંગ ઓફીસર (સીઓઓ) સુજીત સરકાર અને જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલનાં મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. નયના લકુમે થેલેસેમિયા વેલનેસ સેન્ટર ઉપરના સહયોગને લગતા એક એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યા. થેલેસેમિયા વેલનેસ સેન્ટરમાં ૧૦ પથારી, ૨૦ બ્લડ ટ્રાન્સફુઝન સ્ટેન્ડ (વ્હીલ્સ સાથે ફીટ કરેલા), એક નર્સીંગ સ્ટેશન, રાહ જોઈ રહેલા દર્દીઓ અને સંભાળ રાખનારાઓ માટે બેસવાની જગ્યા તથા પુસ્તકાલય, એક ટેલીવીઝન તેમજ બાળ દર્દીઓ માટે તેમની ઉંમરને અનુરૂપ ઈન્ડોર રમતનાં સાધનો અને અગ્નિશામક સાધનો પણ ઉપલબ્ધ કરવામાં આવશે. રકત તબદિલી (ટ્રાન્સફુઝન)માં ઘણા કલાકો જતા હોવાથી દર્દી માટે મૈત્રીપૂર્ણ થેલેસેમિયા વેલનેસ સેન્ટર હોય એ સમયની જરૂરીયાત છે, જયાં દર્દી રકત તબદિલીની પ્રક્રિયા ચાલુ હોય ત્યારે વાંચન કરી શકે, ટેલીવીઝન જોઈ શકે અથવા ત્યાં હરીફરીને લાંબા સમયનો સારી રીતે ઉપયોગ કરી શકેછે.

આ પ્રસંગે બોલતા જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલનાં મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. નયના લકુમે જણાવ્યું હતું કે, આ કેન્દ્ર થેલેસેમિયાનાં દર્દીઓની સારવારને વેગ આપવા માટે તેમજ ખાસ કરીને હોસ્પીટલમાં દાખલ થયેલા બાળ દર્દીઓ માટે થેલેસેમિયાનાં જોખમ સામે લડવામાં, એક સીમાચિહનરૂપ સાબિત થશે.

આરએએફ ગ્લોબલનાં ચીફ ઓપરેટીંગ ઓફીસર (સીઓઓ) સુજીત સરકારે કહયું હતુંકે, થેલેસેમિયા વેલનેસ સેન્ટરની સ્થાપનાનો વ્યાપક હેતુ જૂનાગઢમાં જાહેર આરોગ્ય પ્રણાલીને મજબુત કરવાનો છે. જેથી દર્દીઓને વધુ સારી આરોગ્ય સુવિધાઓ મળે, અને થેલેસેમિયાનાં દર્દીઓની અસરકારકસારવાર માટે જીલ્લા હોસ્પીટલ વધુ સારી રીતે સજજ બને. આ આધુનિક સુવિધાઓ સાથે થેલેસેમિયાનાં જોખમ સામે લડવા માટે લાંબા ગાળાની એક અસરકારક વ્યવસ્થા ઉભી થશે.

વર્ષ ૨૦૨૧થી આરએએફ ગ્લોબલ મેડીકલ ઓકિસજન માટેની જીલ્લા હોસ્પીટલની જરૂરીયાત બાબતે આત્મનિર્ભરતા ઉભી કરવા માટે ગુજરાતની જીએમઈઆરએસ જનરલ હોસ્પીટલ જૂનાગઢ સાથે ભાગીદારી કરી છે. અહીં આરએએફ ગ્લોબલે ૯૬૦ એલપીએમનો પીએસએ મેડીકલ ઓકિસજન જનરેશન પ્લાન્ટ સ્થાપ્યો છે. (અનુ. પાના નં ૭ ઉપર)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

વિવિધ ટ્રેનો પર વિનાઈલ રેપીંગ (એકસટીરિયર)

ઈ-ટેન્ડર નોટીસ નં. CA11-ADVT-VIN-2022-11 તા. 21-02-2023

વિનાઈલ રેપીંગ (એકસટીરિયર) માટે ટ્રેનની સૂચિ

અનુ. નં.	ટ્રેનનું નામ	ટ્રેન નંબર	રેકની સંખ્યા
01	[illegible]	19207/19209	01
02	[illegible]	20965/20965	01
03	[illegible]	19015/19018	03
04	[illegible]	12941/12942	01
05	[illegible]	19107/19108	01
06	[illegible]	19260/19259	01
07	[illegible]	12905/12906 19201/19202 20907/20908 19269/19270	05
08	[illegible]	20910/20909	01
09	[illegible]	12949/12950	01
10	[illegible]	(09528/09533/09534/09527) 09528/09533/09534/09527 09568/09565,09510/09509 09504/09571/09582/09581 19205/19206	04
11	[illegible]	(09583/09584) 09572/09573, 19209/19210 & 09512/09511	04
12	[illegible]	(09550/09549, 09516/19515, 09552/09551)	01
13	[illegible]	12972/12971 19217/19218	04
14	[illegible]	09291/09509	02
15	[illegible]	09295/09531/09532/09296	01
16	[illegible]	09292/09505/09540/09539	03

[illegible] તા.13-03-2023 ના 10:00 કલાકે [illegible] www.ireps.gov.in [illegible] તા.13-03-2023 ના 10:00 કલાકે.

facebook.com/WesternRly • twitter.com/WesternRly